# જૈન શિક્ષાવલી



લેખક:
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

## આદર્શ સાધુ

શ્રેણી પહેલી
૬

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઇષ્ટદેવની ઉપાસના
૪ સદ્‌ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂ. ૬—૦૦. પોસ્ટેજ ૧—૦૦ અલગ. માત્ર ગણુતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો તથા હવે પછી પ્રગટ થનારી બીજી શ્રેણીના ગ્રાહક બનો.

---

નોંધ:—બારમા નિબંધને છેડે આખી શ્રેણીનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારો કરી પુસ્તકોનો ઉપયોગ કરવા વિનંતિ છે.

જૈન શિક્ષાવલી : પુષ્પ છઠ્ઠું

# આદર્શ સાધુ

卐

લેખક :
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પ્રકાશક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
મુંબઈ – ૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઈ-૯.

પહેલી વાર ૨૦૦૦
સં. ૨૦૧૫, સને ૧૯૫૯
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-
મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

# પ્રકાશકનું નિવેદન

**જૈન** મહર્ષિઓએ જીવનની સુધારણા માટે જે તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું છે તથા જે આચારની પ્રરૂપણા કરી છે, તે સહુ સરલતાથી સમજી શકે તે માટે **જૈન શિક્ષાવલી**ની યોજના હાથ ધરવામાં આવી છે. હાલ તેમાં બાર પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે, પરંતુ સંયોગો વધારે સાનુકૂળ દેખાશે તો તેમાં બીજાં પુસ્તકો પણ પ્રકટ કરવામાં આવશે.

આ પુસ્તકો દીર્ઘચિંતન–મનનનાં પરિણામે સુંદર શૈલીમાં લખાયેલાં છે, એટલે તે સહુને પસંદ પડશે એમાં શંકા નથી.

જૈન શિક્ષાવલીની યોજના સાકાર બની તેમાં અનેક મુનિરાજો, સંસ્થાઓ અને ગૃહસ્થોનો સહકાર નિમિત્તભૂત છે. ખાસ કરીને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી, તેમનાં વિદ્વાન્ શિષ્ય-રત્ન મુનિરાજશ્રી કીર્તિવિજયજી, પ. પૂ. આ. મહારાજશ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજીનાં શિષ્યરત્નો પૂ. પં. મહારાજ શ્રીભદ્રંકરવિજયજી, પૂ. મુ. શ્રી ભાનુવિજયજી, તથા પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી તેમજ પ. પૂ. આ. મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી, તેમનાં શિષ્યરત્ન મુ. શ્રી રૈવતવિજયજી અને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીના વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી ધુરંધરવિજયજી તથા પ. પૂ. આ. મહારાજશ્રી વિજયધર્મસૂરિજીનાં શિષ્યરત્ન મુનિશ્રી યશોવિજયજી વગેરેએ આ યોજનાને સત્કારી તેને વેગ આપવામાં કિંમતી સહાય આપી છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ. ઉપરાંત શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ ચતુરભાઈ નગીનદાસ (બેલગામવાળા), શ્રીમાન બી. કે. શાહ, યોગી શ્રી ઉમેશચંદ્રજી, શ્રી નાગકુમાર મકાતી તથા જૈનધાર્મિક શિક્ષણસંઘ–મુંબઈના કાર્યવાહકો શ્રી પ્રાણજીવન હ. ગાંધી વગેરેએ આ કાર્યમાં સહકાર આપી અમને ઉત્સાહિત કર્યો છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ. આ પુસ્તકોમાં વિજ્ઞાપન આપનાર દરેક સંસ્થાઓના પણ અમે આભારી છીએ.

**પ્રકાશક.**

# વિષયાનુક્રમ


૧ સાધુજીવન શા માટે ?
૨ કેટલુંક સ્પષ્ટીકરણ
૩ સાધુ થનારમાં હોવા જોઈતા ગુણો
૪ દીક્ષા આપનારમાં હોવા જોઈતા ગુણો
૫ દીક્ષા કોને ન અપાય ?
૬ અનુમતિ કે અનુજ્ઞા જરૂરી છે.
૭ દીક્ષા આપવાનો વિધિ
૮ પાંચ મહાવ્રતો
૯ છઠ્ઠું રાત્રિભોજન-વિરમણ-વ્રત
૧૦ પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ
૧૧ દશવિધ યતિધર્મ
૧૨ દિનચર્યા
૧૩ સ્થિરતા અને વિહાર
૧૪ પદાધિકાર
૧૫ ઉપસંહાર

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

# આદર્શ સાધુ

## ૧–સાધુજીવન શા માટે?

અરિહંતોએ સાધુજીવનનો સ્વીકાર કરીને તેને અતિ પ્રતિષ્ઠિત બનાવ્યું છે; અન્ય મહાપુરુષોએ પણ તેનું આચરણ કરીને તેને અગ્રપદ આપ્યું છે; તેથી સાધુજીવન (સાધુઅવસ્થા કે સાધુપદ) સહુને માટે સદા વંદનીય બન્યું છે.

પ્રત્યેક જૈન પ્રતિદિન 'नमो लोए सव्वसाहूणं' એ નમસ્કારપદ બોલે છે, તેનો અર્થ એ છે કે 'આ વિશ્વમાં જેટલા સાધુઓ વિદ્યમાન છે, તે સર્વેને મારી વંદના હો.'

અરિહંતોએ સાધુજીવનનો સ્વીકાર શા માટે કર્યો? તે આપણે સ્પષ્ટ સમજી લેવાની જરૂર છે. મુક્તિ, મોક્ષ, કે નિર્વાણની પ્રાપ્તિ એ તેમનું જીવનધ્યેય હતું અને તે જીવનધ્યેય સાધુજીવનનો સ્વીકાર કરવાથી જ સિદ્ધ થઈ શકે તેમ હતું, તેથી તેમણે સાધુજીવનનો સ્વીકાર કર્યો. ગૃહવાસમાં રહીને નિર્વાણસાધના ન થઈ શકવાનું મુખ્ય કારણ એ છે કે તેમાં પાપની નિવૃત્તિ અમુક અંશે જ થઈ શકે છે અને ઉક્ત સાધનામાં પાપની સર્વાંશ નિવૃત્તિ આવશ્યક છે.

એક મનુષ્ય ભોગ પણ ભોગવે અને મોક્ષ પણ મેળવે એ કદી બન્યું નથી અને બનવાનું નથી. કહ્યું છે કે—

दोपंथेहिं न गम्मइ, दोमुह सुई न सीवए कंथं ।
दुन्नि वि न हुंति कयावि, इंदियसुक्खं च मुक्खं च ॥

'એક માણસને બે જુદી જુદી દિશાનો પંથ કરવો હોય તો એકી સાથે કરી શકતો નથી. તે જ રીતે એક માણસને સોય વડે કંથા સીવવી હોય તો તેના એક મુખથી–એક છેડાથી સીવી શકે છે, પણ બંને છેડાથી સીવી શકતો નથી. તાત્પર્ય કે બે વિરુદ્ધ ક્રિયાઓ કદાપિ એક સાથે કરી શકાતી નથી, તો ભોગ અને મોક્ષ એ બે પરસ્પર વિરુદ્ધ ક્રિયાઓ એકી સાથે કેમ કરી શકાય?'

કોઈ ગૃહવાસમાં રહીને વિરક્ત જીવન ગાળે તો અમુક અંશે આધ્યાત્મિક પ્રગતિ સાધી શકે, પણ નિર્વાણ-સાધના માટે જેવી અને જેટલી પ્રગતિ જરૂરી છે, તેવી અને તેટલી પ્રગતિ સાધી શકે નહિ. દાખલા તરીકે નિર્વાણસાધના માટે પૃથ્વીકાયાદિ સ્થાવર અને દ્વીન્દ્રિયાદિ ત્રસ જીવો યાને સર્વ સૂક્ષ્મ–સ્થૂલજીવોની અહિંસા આવશ્યક છે, તે ઘરવાસમાં ક્યાંથી શક્ય બને? વળી મોક્ષ-સાધના સારૂ ઉચ્ચ કોટિનો સંયમ જરૂરી છે અને તે માટે પરીષહજય કે તિતિક્ષા અનિવાર્ય છે, તે ગૃહવાસમાં કેવી રીતે કરી શકે? વળી નિર્વાણસાધના માટે સર્વ ભયોને જિતવાની જરૂર છે, તે ગૃહનાં સુખસગવડભર્યાં કે સલામતીની ખાતરી આપતાં જીવનને છોડયા વિના કેવી

રીતે સંભવી શકે ? એટલે નિર્વાણની યથાર્થ સાધના માટે સાધુઅવસ્થાનો સ્વીકાર જરૂરી છે અને તેથી દરેક મુમુક્ષુએ પોતાનાં જીવનમાં સાધુ બનવાની ભાવના અવશ્ય રાખવી જોઈએ.

કેટલાક કહે છે કે 'બધા માણસો મુક્તિ, મોક્ષ કે નિર્વાણની સાધના કરવા સાધુ બની જશે તો આ સંસારનું શું થશે? વળી તેમને આહાર, પાણી, ઔષધિ, વસ્ત્ર પણ કોણ આપશે ? માટે બધાએ સાધુ બનવાની ભાવના રાખવી ઉચિત નથી.' આ મહાશયોને અમારો ઉત્તર એ છે કે 'આ સંસાર અનાદિ કાલથી ચાલ્યો આવે છે ને એજ રીતે ચાલ્યા કરવાનો, એટલે તેની ચિંતા કરવાની જરાયે જરૂર નથી. ખરી ચિંતા તો આત્માની કરવી જરૂરી
દ્ધાર શી રીતે થાય ?' અનાદિ કાળથી તેનું ભવભ્રમણ ચાલુ છે અને જીવનની રહેણીકરણીમાં જો ધરખમ સુધારો ન થાય, અર્થાત્ સાધુવૃત્તિ પ્રકટે નહિ, તો એ ભવભ્રમણનો અંત આવવાની કોઈ સંભાવના નથી. ભવભ્રમણ એટલે દુઃખની પરંપરા એ કહેવાની જરૂર છે ખરી ?

એક બીજ જમીનમાં વવાયા પછી તેને અનુકૂલ ખાતર, પાણી અને હવાનો યોગ મળે ત્યારે જ તેમાંથી અંકૂર પ્રકટે છે અને તેમાંથી સ્કંધ, શાખા તથા પ્રતિશાખાનો વિસ્તાર થઈ પત્ર–પુષ્પ–ફળ આવે છે. તે જ રીતે મુમુક્ષુનાં દિલમાં સાધુજીવનના સ્વીકારની અર્થાત દીક્ષાની

ભાવના પ્રકટયા પછી અનુકૂળ સંયોગ મળે ત્યારે જ તે દીક્ષા ગ્રહણ કરી શકે છે, એટલે દીક્ષાની ભાવનાવાળા સર્વ મનુષ્યો એકી સાથે કે એકદમ સાધુ બની જાય એ શકય નથી. જ્યારે સત્યુગ ચાલતો હતો કે ચોથો આરો પ્રવંતતો હતો અને રાજા મહારાજાઓ સાધુવૃત્તિને પૂર્ણ ઉત્તેજન આપી રહ્યા હતા, ત્યારે પણ બધા મુમુક્ષુઓ સાધુ ન બની ગયા તો આ ઘોર કળિકાળમાં બધા મુમુ-ક્ષુઓ એક સાથે સાધુ કેમ બની જાય? તાત્પર્ય કે એ બનવું સંભવિત નથી, એટલે તેમને આહાર, પાણી, ઔષધિ વસ્ત્ર કોણ આપશે? એ પશ્ન પણ નિરર્થક છે. જેઓ પોતે સાધુ બનવાની ભાવના રાખે છે, પણ સાધુ થઈ શકતા નથી, તે સાધુઓની સેવા અવશ્ય કરવાના. વળી જેઓ ગુણના પૂજકો છે, તેઓ પણ સાધુઓનાં ચરણે પોતાનું શિર અવશ્ય ઝુકાવવાના અને તેમનો પૂર્ણ આદર સત્કાર કરવાના.

ધારાસભામાં ચૂંટાઈ આવનારો દરેક સભ્ય પ્રધાન બનવાની ભાવના રાખે છે, પણ તે બધા એકી સાથે પ્રધાન બની શકતા નથી. તેઓ પોતાની યોગ્યતા કેળવતા રહે છે, તો ક્રમે ક્રમે પ્રધાન બની શકે છે, પરંતુ તેથી કોઇ પણ ધારાસભ્યે પ્રધાન બનવાની ઈચ્છા રાખવી એ અનુચિત છે, એમ આપણે કહેતા નથી. તો પછી સાધુજીવનને સુંદર—હિતકર—કલ્યાણકારી માની તેનો સ્વીકાર કરવાની ભાવના રાખવી, તેને અનુચિત કેમ કહી શકાય? તાત્પર્ય કે એ કથન પોતે જ અનુચિત છે.

'સમાજમાં સાધુઓ થોડા હોય તો તેનું પોષણ સરળતાથી થઈ શકે, પણ તેની સંખ્યા એકદમ વધી જાય તો સમાજ તેનો બોજો ઉઠાવી શકે નહિ.' આવી દલીલ પણ અમારા કાને પડી છે. તેનો ઉત્તર એ છે કે 'ભૂતકાળમાં ગૃહસ્થોની અપેક્ષાએ સાધુઓની સંખ્યા અલ્પ હતી અને આજે પણ તે જ પરિસ્થિતિ છે. તેમાં એકદમ વધારો થવાની કોઈ સંભાવના નથી. સાધુપણું એવું સહેલું થોડું જ છે કે તેનો સ્વીકાર મનુષ્ય હાલતાં–ચાલતાં કરી નાખે ? ખરી વસ્તુસ્થિતિ તો એ છે કે જ્યારે આજે જનસમાજમાં નૈતિકતા અને સદાચારનો હ્રાસ થઇ રહ્યો છે, તેવા સમયે સમાજમાં તે ગુણોના રક્ષણ–પ્રચારઅર્થે સેવાભાવી સાધુ-જનોની બહોળી સંખ્યા જરૂરી છે.'

અમારા આ ઉત્તરમાં કોઇ એમ કહેશે કે 'ઘણા મનુષ્યો પોતાનો સંસાર–વ્યવહાર બરાબર ચલાવી શકતા નથી કે નાની મોટી અડચણોથી કંટાળી જાય છે, એટલે તેઓ સાધુ બની જાય છે, તેથી જ તેમની સંખ્યા આજે બાવન લાખથી ઉપર પહોંચી છે. આ રીતે અમારું ઉપર્યુક્ત મંતવ્ય વ્યાજબી છે.'

પરંતુ તેમનો આ ઉત્તર વાસ્તવિક પરિસ્થિતિ સમજ્યા વિનાનો છે. અમે જે સાધુજીવન, સાધુઅવસ્થા કે સાધુ-પદની વ્યાખ્યા કરીએ છીએ, તે અનુસાર આ દેશમાં અમુક હજારથી વધુ સાધુઓ સંભવતા નથી. સાધુનો વેશ પહેરે પણ તેને લાયક ગુણો કેળવે નહિ, તેને અમે દ્રવ્યસાધુઓ

કે નામમાત્રના સાધુઓ કહીએ છીએ ને તેને વાંદવા–પૂજવા–પોષવાથી કશો લાભ નથી, એવો સ્પષ્ટ અભિપ્રાય ધરાવીએ છીએ. જેઓ સાધુનો વેશ પહેરીને તેને અનુરૂપ ગુણો કેળવે તે જ અમારી દૃષ્ટિએ ભાવસાધુ કે આદર્શસાધુ છે. અને તેમનો આહાર, પાણી, ઔષધિ, વસ્ત્ર વગેરેથી જેટલો સત્કાર કરીએ તેટલો ઓછો છે.

આ દેશમાં શિક્ષિતોની સંખ્યા વધી, તેમ લાંચ-રૂશ્વતની બદી વધી અને નીતિનો નાશ થયો. આજે સામાન્ય પટાવાળાથી માંડીને પ્રધાન સુધી સર્વ કોઈ યેન કેન પ્રકારેણ પૈસા મેળવી લેવાની ભાવના રાખે છે અને પોતાનું કર્તવ્ય ચૂકી જાય છે, તેથી ગમે તેવી મોટી યોજનાઓ ઘડાવા છતાં લોકોને રાહત મળતી નથી કે સુખશાંતિનો અનુભવ થતો નથી. તેની જગાએ આદર્શ સાધુઓની સંખ્યા વધી હોત તો આ સ્થિતિ ઉત્પન્ન થઈ ન જ હોત. તેમણે નીતિ તથા ધર્મના ઉપદેશદ્વારા લોકોને સદાચારમાં સ્થિર રાખ્યા હોત અને એ રીતે વ્યવહારશુદ્ધિ તથા કર્તવ્યનું ધોરણ બરાબર જળવાઇ રહ્યું હોત. હજી પણ વિશેષ બગડી ગયું નથી. દેશના નાયકો સાધુજીવનની સુંદરતા પિછાને, તેના મહત્ત્વથી પરિચિત થાય અને તેમને ઉત્તેજન મળે એવું વાતાવરણ સર્જે તો આજનાં અધઃપતનને મોટાભાગે નિવારી શકાય અને ભાવી ઉન્નતિનાં મંડાણ થઇ શકે.

## ૨–કેટલુંક સ્પષ્ટીકરણ

સાધુજીવનની સુંદરતા ટકાવી રાખવા માટે જૈન

મહર્ષિઓએ તેનું જે બંધારણ ઘડયું છે, તે બરાબર ધ્યાનમાં લેવા જેવું છે. અહીં કોઈ એમ કહે કે 'બંધારણ તો ઘણાં સારાં હોય છે, પણ તેનો અમલ કેવો થાય છે, તે જોવાનું છે. શું જૈન સાધુઓએ સાધુતાનો આદર્શ ટકાવી રાખ્યો છે ખરો ?' તો અમારો જવાબ એ છે કે 'બધાં બંધારણો સારાં, શ્રેષ્ઠ કે ઉત્તમ હોતાં નથી. તેમાં પણ દશા–વીશી હોય છે. તેથી સારું, શ્રેષ્ઠ કે ઉત્તમ બંધારણ કયું? તે આપણે અભ્યાસપૂર્વક નક્કી કરવું જોઈએ. સત્ય હકીકત એ છે કે જૈન ધર્મમાં સાધુઓના આચાર વિષે જેટલો સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવ્યો છે, તેટલો સૂક્ષ્મ વિચાર અન્ય ધર્મમાં કરવામાં આવ્યો નથી. એ વિચાર સૂક્ષ્મતાથી કરાયેલો હોત તો સનાતની સાધુ, બાવા, સંન્યાસીઓ અને બૌદ્ધ શ્રમણોની જે દશા આજે જોવામાં આવે છે, તે કદી પણ જોવામાં આવત નહિ.

આજના બાવાઓને જોઈને એક કવિએ કહ્યું છે કે—

ટોપીમાં છે ત્રણ ગુણ, નહિ વેરો નહિ વેઠ;
બાવો બાવો સહુ કરે, સુખે ભરાતું પેટ.

આજે તો બાવાજીની ટોપી પહેરી લેવી બહુ સારી છે, કારણ કે તેમાં મોટા લાભો રહેલા છે. એક તો ગૃહસ્થોને જે રીતે વેચાણવેરો, આવકવેરો, સંપત્તિવેરો, મૃત્યુ-વેરો વગેરે અનેક પ્રકારના વેરા ભરવા પડે છે અને તે માટે કાયદાની ચુંગાલમાંથી પસાર થવું પડે છે, તેવું કંઈ આ ટોપી પહેરનારને હોતું નથી. બીજું ગૃહસ્થોને રાજદરબા-

રની કેટલીક વેઠ કરવી પડે છે, તે પણ આ ટોપી પહેરનારને કરવી પડતી નથી. ત્રીજું એને બાવો બાવો કહીને સહુ ભિક્ષા આપે છે, એટલે તેનું પેટ સુખેથી ભરાઈ જાય છે, અર્થાત્ તે માટે તેને કોઈ જાતનો ધંધો–ધાપો કે નોકરી–ચાકરી કરવી પડતી નથી

વર્તમાનપત્રોમાં આ સાધુબાવાઓ વિષે જે સમાચારો છપાતા રહે છે, તે વાંચીને આપણને અત્યંત દુઃખ થાય છે. 'એક સાધુએ કરેલી બનાવટ' 'સ્ત્રીને લઇને પલાયન થઇ ગયેલા સાધુ' 'એક સાધુની ટોળી પાસેથી મળી આવેલું ગેર કાયદેસર અફીણ' વગેરે વગેરે મથાળાં અમારા વાંચવામાં આવ્યાં છે. આ સાધુઓમાં કેટલાક ઉચ્ચ કોટિના પણ હશે, પરંતુ તેમનું સામાન્ય ધોરણ ઘણું નીચું ઉતરી ગયું છે અને તેથી સારોયે સાધુસમાજ વગોવાઈ રહ્યો છે.

બૌદ્ધ શ્રમણોની સંખ્યા આપણા દેશમાં ઓછી છે, પણ હમણાં હમણાં તે વધવા લાગી છે અને રાજદ્વારી પુરુષોનું વલણ જોતાં એ સંખ્યા ભવિષ્યમાં વધી જશે એમ ચોકસ લાગે છે, પરંતુ આ બૌદ્ધ શ્રમણોની જે દશા અમારા જોવામાં આવી છે, તે જરાયે ઉત્તેજનને પાત્ર નથી.

કેટલાક વર્ષ પહેલાં અમે બ્રહ્મદેશનો પ્રવાસ કર્યો, ત્યારે ફુંગીઓ (બૌદ્ધ શ્રમણ માટે આ નામ ત્યાં પ્રચલિત છે.) નાં વસ્ત્ર નીચે ચામડનાં પાકીટો અને લાંબાં લાંબાં ચપ્પુઓ લટકતાં નિહાળ્યાં હતાં. આ પાકીટોમાં પૈસા હતા અને તેનાથી તેઓ અમુક વસ્તુઓ ખરીદતા હતા. ચપ્પુઓ

તેમણે શા માટે રાખ્યા હશે? તે અમારે મન એક કોયડો હતો. ત્યારે એક માણસે પાસે આવીને અમારા કાનમાં કહ્યું કે 'આખા દેશમાં હુલડ કરાવનારાઓ આ બધા છે.' એ સાંભળીને અમારાં હૃદયને ખરેખર આઘાત થયો. કયાં બૌદ્ધ ધર્મનો કરુણાનો સંદેશ અને કયાં આ શ્રમણોની ખૂનામરકીને ઉત્તેજના!

આજથી ચોથા વર્ષ ઉપર અમારે બિહારમાં આવેલ રાજગીર એટલે પ્રાચીન રાજગૃહમાં જવાનું થયું. અહીં જૈન, બૌદ્ધ અને હિંદુ ત્રણેનાં તીર્થો છે, એટલે કેટલાક બૌદ્ધ સાધુઓ ત્યાં આવેલા હતા. તેમને અમે રાત્રિના અગિયાર વાગે બજારમાં ફરતા જોયા. તેઓ પોતાની પાસેના પૈસામાંથી કેળાં વગેરે ખરીદીને ખાતા હતા. વળી તેઓ બૌદ્ધ ચૈત્યની જે ધર્મશાળામાં ઉતર્યા હતા, ત્યાં એક જ ઓરડામાં સ્ત્રીઓ પણ ઉતરેલી હતી. તાત્પર્ય કે આ રીતે કસમયે ફરવા નીકળવું, મોડી રાત્રે ખાવું, લીલોતરી વાપરવી અને તરુણ સ્ત્રીઓના સહવામાં રહેવું, એમાં તેમને કંઇ અજુગતું લાગતું ન હતું. જો તેમનું સાધુજીવનનું બંધારણ સખ્ત હોત તો આ પરિણામ કદી પણ આવત નહિ, પણ લોકસેવાનાં નામે એ બંધારણ ખૂબ ઢીલું રાખ્યું, તેનું પરિણામ આવું ખતરનાક આવ્યું.

બૌદ્ધ સાધુઓ અત્યંત શિથિલાચારી થઇ જતાં તેમને આ દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા, એ હકીકત ઇતિહાસપ્રસિદ્ધ છે. મનગમતું ખાવું-પીવું અને મોક્ષ મેળવવો

એ માર્ગે જતાં તેમની આ સ્થિતિ થઇ હતી, તેથી અન્ય સાધુસમાજે એ રસ્તે ન જવાની અમારી ખાસ સૂચના છે.

જૈન સાધુઓમાં પણ કાલદોષને લઈને કેટલીક ક્ષતિઓ દાખલ થઇ છે, છતાં તેમણે બીજા સાધુઓનાં પ્રમાણમાં સાધુતાનો આદર્શ ઘણો ટકાવી રાખ્યો છે. ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ એમ. એ., પી–એચ. ડી., એ વર્તમાન જૈન સાધુજીવન નજરે નિહાળીને જ કહ્યું હતું કે “The jain sadhu leads a life which is praised by all. He practises the vratas and the rites strictly and shows to the world the way one has to go in order to realise the Atma. જૈન સાધુ એવું જીવન વ્યતીત કરી રહ્યા છે કે જેની સર્વ પ્રશંસા કરે છે. તેઓ વ્રતનિયમ ઘણી સાવધાનીથી પાળે છે અને આત્માના સાક્ષાત્કાર માટે જે માર્ગ અપનાવવો જોઈએ, તેનું દુનિયાને દર્શન કરાવે છે.’

ભારતની કેન્દ્રીય સરકારના વાણિજ્યમંત્રી માનનીય મોરારજી દેશાઇ જ્યારે મુંબઇ રાજ્યના મુખ્ય મંત્રી હતા, ત્યારે તેઓ મુંબઈ રાજ્ય વિધાનસભામાં બાલદીક્ષા અંગે ઉપસ્થિત થયેલી ચર્ચા વખતે નીચેના શબ્દો બોલ્યા હતા: ‘I must say to the credit of jains, that the sadhus of jain have still maintained a large measure of austerity and sacrifice which other orders have not maintained to that extent. જૈનોની પ્રશંસા કરતાં મારે કહેવું જોઇએ કે જૈન સાધુઓએ હજી સુધી તપ અને ત્યાગની વિશાલ મર્યાદાનું પાલન ઉચ્ચ

કક્ષા સુધી કર્યું છે કે જે અન્ય સંપ્રદાયોએ કર્યું નથી.'

આ રીતે ભારતના બીજા માનનીય પુરુષોએ પણ જૈન સાધુઓનાં ત્યાગતપોમય જીવનની પ્રસંસા કરી છે, એટલે આજે તો **આદર્શ સાધુ** તેમને જ માનવા જોઈએ.

## ૩–સાધુ થનારમાં હોવા જોઈતા ગુણો

જૈન મહર્ષિઓ એમ માને છે કે જે મુમુક્ષુ સાધુજીવનનો સ્વીકાર કરવા માટે અર્થાત્ દીક્ષા લેવા માટે તૈયાર થાય, તેનામાં નીચેના ૧૬ ગુણો હોવા જોઈએ:—

(૧) તે આર્યદેશમાં ઉત્પન્ન થયેલો હોય.

(૨) વિશિષ્ટ જાતિકુલવાળો હોય.

(૩) જેનો કર્મમલ લગભગ ક્ષીણ થયેલો હોય.

(૪) (એથી કરીને) નિર્મળ બુદ્ધિવાળો હોય.

(૫) આ મનુષ્ય જન્મ દુર્લભ છે, જન્મ તે મરણનું નિમિત્ત છે, વિષયો દુઃખના હેતુરૂપ છે, સંયોગોમાં વિયોગ રહેલો છે અને ક્ષણે ક્ષણે મરણનો ભય ઘણો દારુણ છે, આ પ્રમાણે સંસારનું નિર્ગુણપણું જેણે જાણેલું હોય.

(૬) તે કારણે સંસારથી વિરક્ત થયેલો હોય.

(૭) મંદકષાયવાળો હોય.

(૮) હાસ્યાદિ કરનારો ન હોય.

(૯) કૃતજ્ઞ હોય.

(૧૦) વિનયવંત હોય.

(૧૧) દીક્ષા લીધા પહેલાં પણ રાજા, મંત્રી અને પૌરજનોએ બહુમાન કરેલો હોય અગર કમમાં કમ એના વિરોધવાળો ન હોય.

(૧૨) કોઇનો દ્રોહ કરનારો ન હોય.

(૧૩) કલ્યાણકારી અંગવાળો હોય, અર્થાત્ ખોડખાંપણ વિનાનો હોય.

(૧૪) શ્રદ્ધાળુ હોય.

(૧૫) સ્થિર મનવાળો હોય, અર્થાત્ આરંભેલાં કાર્યને અધવચથી મૂકી દે તેવો ન હોય.

(૧૬) આત્મસમર્પણ કરવા ગુરુચરણે આવેલો હોય.

પ્ર૦—આર્યદેશમાં ઉત્પન્ન થયેલો જ દીક્ષાને યોગ્ય શા માટે?

ઉ૦—આર્યદેશમાં ધાર્મિક વાતાવરણની પ્રબલતા હોય છે, એટલે તેમાં જન્મેલો પુરુષ ધાર્મિક સંસ્કારોવાળો હોય છે અને તેથી ઉચ્ચ કોટિનું સાધુજીવન ગાળી શકે છે. આવું જીનવન ગાળવું અનાર્યોને માટે ઘણું મુશ્કેલ હોય છે, જો કે તેમાં પણ આર્દ્રકુમાર જેવા કોઇક અપવાદો મળી આવે છે.

પ્ર૦—આર્ય દેશ કોને સમજવો?

ઉ૦—જેમાં આર્ય લોકો વસતા હોય તેને આર્યદેશ સમજવો.

પ્ર૦—આર્યલોકની ઓળખાણ શું?

ઉ૦—પાપભીરુતા. જેઓ પાપથી ડરીને પોતાનું

જીવન ગાળતા હોય તે આર્ય કહેવાય. શાસ્ત્રકારોએ આર્ય શબ્દ ની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે 'आरात् सर्वहेयधर्मेभ्यो यातः प्राप्तो गुणैरित्यार्य्यः—જે સર્વ હેયધર્મોથી દૂર આવેલો હોય, અર્થાત ગુણપ્રાપ્ત હોય તે આર્ય કહેવાય.' આ વ્યાખ્યાનું તાત્પર્ય એ છે કે જેનામાં દયા વગેરે ગુણો હોય તે આર્ય કહેવાય અને બાકીના અનાર્ય કહેવાય.

પ્ર૦—શાસ્ત્રકારોએ આર્ય દેશ કોને ગણેલા છે?

ઉ૦—શાસ્ત્રકારોએ મગધ, અંગ, બંગ, કલિંગ, કાશી, કોશલ, કુરુ, કુશાર્ત, પંચાલ, જાંગલ, સૌરાષ્ટ્ર, વિદેહ, વત્સ, સંદર્ભ (શાંડિલ્ય), મલય, મત્સ્ય, વરુણ, દશાર્ણ, ચેદી, સિંધુ–સૌવીર, શૂરસેન, ભંગી, વર્ત, કુણાલક, કોટિવર્ષ અને અર્ધો કેતક, એ સાડી પચ્ચીસ દેશોને આર્યદેશ ગણેલા છે. પણ સમયાંતરે આર્ય લોકોનો બીજા દેશમાં વસવાટ થયો હોય તો તેને પણ આર્યદેશજ લેખી શકાય. દાખલા તરીકે ગુજરાતનું નામ આ યાદીમાં નથી, પણ તેમાં આજે ઘણા આર્યો વસે છે, તેથી તેને આર્યદેશ લેખવો જોઈએ અને તે પ્રમાણે જ તે લેખાય છે.

પ્ર૦—વિશિષ્ટ જાતિકુલવાળાને યોગ્ય માનવાનું કારણ શું?

ઉ૦—જાતિ અને કુલ ઉપરથી પણ પુરુષની યોગ્યતા અંકાય છે. જાતિ એટલે માતાનો પક્ષ અને કુલ એટલે પિતાનો પક્ષ. તે બંને પક્ષો શુદ્ધ વિવાહથી જોડાયેલા હોય

તો તેની સંતતિ ઉત્તમ થાય છે, અન્યથા તેમાં વર્ણ-શંકરતા આવે છે અને ઉત્તમત્તાનો લોપ થાય છે. માટે વિશિષ્ટ કુલજાતિવાળાને યોગ્ય માનેલ છે. એવાને પ્રસંગે ખ્યાલ આવે છે કે હું ઉત્તમ કુળનો છું, એટલે મારાથી વ્રતભંગ કે બીજાં અકાર્ય ન થાય.

પ્ર૦—અમુક પુરુષનો કર્મમલ લગભગ ક્ષીણ થયેલો છે, તે શી રીતે જાણી શકાય ?

ઉ૦—જેમ ઝવેરીઓ સોનાને કસોટી પર મૂકીને તેનુ માપ કાઢી લે છે, તેમ સદ્ગુરુઓ પુરુષના આચાર-વિચાર પરથી તેનું માપ કાઢી લે છે. દાખલા તરીકે કોઈ પુરુષને દુરાગ્રહ, મિથ્યામતિ અને વિષયાંધતા ભારે હોય, કામક્રોધ ઘણો હોય, માન ઘણું હોય, તૃષ્ણા ઘણી હોય, ભોગની લાલસા ઘણી હોય અને ભોજન તથા નિદ્રા વધારે હોય અને એ વસ્તુ આગળ પાછળવાળા પાસેથી જાણવામાં આવે, તો સદ્ગુરુ એમ જાણે કે આ પુરુષ ભારેકર્મી છે, તેથી દીક્ષાને યોગ્ય નથી. પરંતુ તેથી વિરુદ્ધ ગુણ ધરાવનારો હોય તો તેને લઘુકર્મી કે લગભગ ક્ષીણ થયેલા કર્મવાળો જાણે છે અને તેથી દીક્ષા બરાબર પાળી શકશે, એમ માની તેને દીક્ષા આપે છે.

પ્ર૦—ખડખડાટ હસવું એ સદ્ગુણ મનાય છે અને અહીં હાસ્યાદિ ન કરનારને યોગ્ય માન્યો છે, તેનું કારણ શું ?

ઉ૦—સત્પુરુષો ખાસ કારણ વિના હસતા નથી

અને ખાસ કારણ ઉત્પન્ન થયું હોય તો મધુર સ્મિત કરે છે. ખડખડાટ હસવું એ ગંભીરતાની ખામી સૂચવે છે અને કર્મગ્રંથની પરિભાષામાં કહીએ તો એ મોહનીય કર્મની એક પ્રકારની ચેષ્ટા છે, એટલે હાસ્યાદિ ન કરનાર યોગ્ય લેખાય.

પ્ર૦—દીક્ષા લીધા પહેલાં રાજા, મંત્રી અને પૌરજનો વડે બહુમાન કરાયેલો હોય તેને જ દીક્ષા માટે યોગ્ય ગણવો એ તો બહુ કહેવાય. કોઈ માણસ બધેથી હડધૂત થયેલો હોય તેને દીક્ષા આપવામાં ન આવે તો એ દીક્ષા અશરણને શરણ આપનારી કેમ ગણાય ?

ઉ૦—જે પુરુષ રાજા, મંત્રી તથા પૌરજનો વડે બહુમાન યરાયેલો હોય તેનામાં અવશ્ય ચોકસ પ્રકારના ગુણો સંભવે છે અને તેવો ગુણવાન પુરુષ દીક્ષા લે તો તેનું યથાર્થ પાલન કરી દીક્ષાને શોભાવી શકે છે. બીજી બાજુ જે પુરુષ બધેથી હડધૂત થયેલો હોય, સારા માણસો એનાથી વિરુદ્ધ પડેલા હોય, તેનામાં મોટી ખામીઓ હોવાનો સંભવ છે, એટલે તે દીક્ષા જેવી અતિ પવિત્ર વસ્તુનું યથાર્થ પાલન કરી શકશે કે કેમ? એ વિચારણીય બને છે. જેઓ દીક્ષાનું યથાર્થ પાલન કરે છે, તેને દીક્ષા શરણભૂત થાય છે, અન્યને નહિ.

પ્ર૦—દીક્ષા લેનારમાં આ બધા ગુણો ન હોય તો ?

ઉ૦—આ ગુણોમાંથી ચોથા ભાગના ઓછા હોય તો મધ્યમ કહેવાય અને અર્ધા ભાગના ઓછા હોય તો

જઘન્ય કહેવાય. એથી ઓછા ગુણવાળો દીક્ષાને યોગ્ય કહેવાય નહિ.

## ૪–દીક્ષા આપનારમાં હોવા જોઈતા ગુણો

જૈન મહાર્ષિઓએ દીક્ષા આપનાર ગુરુ માટે નીચેનું ધોરણ સ્વીકાર્યું છે: (૧) જેણે વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરેલી હોય, (૨) જે ગુરુકુળની સારી રીતે ઉપાસના કરનાર હોય, (૩) અસ્ખલિત પણે શીલ અર્થાત્ વ્રતો અને આચારોને પાળનાર હોય, (૪) સારી રીતે આગમનું અધ્યયન કરનાર હોય, (૫) તેથી તત્ત્વને સારી રીતે જાણનાર હોય, (૬) ઉપશાંત હોય, (૭) સંઘનું હિત કરનાર હોય, (૮) પ્રાણી માત્રનાં હિતમાં આસક્ત હોય, (૯) જેનું વચન ગ્રહણ કરવા યોગ્ય હોય, (૧૦) અનુવર્તક હોય, (૧૧) ગંભીર હોય, (૧૨) વિષાદરહિત હોય, (૧૩) ઉપશમલબ્ધિ વગેરે ગુણોએ સહિત હોય, (૧૪) પ્રવચનના અર્થનો વકતા હોય અને (૧૫) પોતાના ગુરુએ જેને ગુરુપદ આપેલું હોય તે જ ગુરુ દીક્ષા આપવાને યોગ્ય છે. અહીં પણ મધ્યમ અને જઘન્ય ધોરણ ઉપર પ્રમાણે જ સમજવું.

પ્ર૦—પોતે વિધિપૂર્વક દીક્ષા લીધી ન હોય, પણ મુમુક્ષુને વિધિપૂર્વક દીક્ષા આપવાની તત્પરતા હોય તો શું વાંધો ?

ઉ૦—જ્યાં એવી સ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં મુમુક્ષુને એવો વિચાર આવે કે મારે વિધિપૂર્વક દીક્ષા લેવાની શું જરૂર ? ગુરુએ પણ વિધિપૂર્વક દીક્ષા કયાં લીધી છે?

એટલે તેનું વિધિ માટે બહુમાન રહે નહિ, તેથી જેણે વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરી હોય તે જ દીક્ષા આપવાને યોગ્ય ગણાય.

પ્ર૦—ગુરુકુલની ઉપાસનાથી શું સમજવું ?

ઉ૦—ગુરુ અને તેમના પરિવારને ગુરુકુલ કહેવામાં આવે છે. તેમની જેણે સારી રીતે સેવા કરી હોય તેણે ગુરુકુલની ઉપાસના કરી કહેવાય. આ ઉપાસના માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે—

नाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य ।
धण्णा आवकहाए, गुरुकुलवासं न मुञ्चन्ति ॥

'જે પુરુષો યાવજ્જીવ ગુરુકુલ વાસને છોડતા નથી તે ધન્ય પુરુષો જ્ઞાનના ભાગી થાય છે અને દર્શન તથા ચારિત્રમાં અત્યંત સ્થિર થાય છે.'

પ્ર૦—અહીં અસ્ખલિત શીલથી શું સમજવું ?

ઉ૦—પંચમહાવ્રત એ સાધુનું મુખ્ય શીલ છે, એટલે જેણે દીક્ષા લેવાના દિવસથી પાંચે મહાવ્રત અખંડિત રાખ્યા હોય, તેનું શીલ અસ્ખલિત સમજવું.

પ્ર૦—દીક્ષા આપનાર ગુરુ આગમના સામાન્ય જાણનાર હોય તો ?

ઉ૦—તો 'હું જ્ઞાની ગુરુને સમર્પિત થયો છું,' એવો ભાવ મુમુક્ષુનાં હૃદયમાં જાગે નહિ. વળી ગુરુ આગમના સામાન્ય જાણકાર હોય તો શિષ્યની શંકાઓનું પૂરું

સમાધાન કરી શકે નહિ, તેમ જ ચારિત્રમાર્ગનો પૂરો યથાર્થ ખ્યાલ આપી શકે નહિ, એથી દીક્ષા આપનાર ગુરુ સારી રીતે આગમનું અધ્યયન કરનાર હોય તે જરૂરી છે.

પ્ર૦—ઉપશાંત એટલે?

ઉ૦—જે મન, વચન અને કાયાના વિકારથી રહિત હોય તે ઉપશાંત કહેવાય.

પ્ર૦—અનુવર્તક એટલે?

ઉ૦—જે વિચિત્ર સ્વાભાવવાળા પ્રાણીઓને યોગ્ય ઉપાયો વડે બોધ પમાડવાની શક્તિ ધરાવતા હોય તે અનુવર્તક કહેવાય.

પ્ર૦—ગંભીર વિશેષણથી શું સમજવું?

ઉ૦—જે પરીષહ વગેરેથી પરાભવ પામવા છતાં છકાયનાં રક્ષણ વગેરેમાં દીનતા પામે નહિ, તે વિષાદરહિત કહેવાય.

પ્ર૦—ઉપશમલબ્ધિ એટલે?

ઉ૦—બીજાને શાંત કરી લેવાની શકિત.

પ્ર૦—પ્રવચનના અર્થનો વક્તા એટલે?

ઉ૦—પ્રવચન એટલે આગમ. તેમાં જે રીતે અર્થ એટલે તત્ત્વની પ્રરૂપણા કરી હોય તે પ્રમાણે કહેનારો, પણ મતિકલ્પનાએ કહેનારો નહિ.

પ્ર૦—અહીં ગુરુપદથી શું સમજવું?

ઉ૦—જેને ગચ્છનાયક એવા ગુરુએ આચાર્યપદ

આપેલું હોય તે ગુરુપદ. આ પંદરમા ગુણુથી સ્પષ્ટ થાય છે કે દીક્ષાદાન માટે સુવિહિત આચાર્ય જ યોગ્ય છે.

## ૫–દીક્ષા કોને ન અપાય ?

જૈન શાસ્ત્રકારોએ નીચેના અઢાર પુરુષોને દીક્ષા ન અપાય એમ જણાવ્યું છે:—૧ બાળક એટલે આઠ વર્ષથી ઓછી ઉમરનો, ૨ વૃદ્ધ એટલે સીતેર વર્ષથી વધારે વય વાળો, ૩ નપુંસક, ૪. કલીબ એટલે સ્ત્રીઓનાં અંગોપાંગ દેખીને કામાતુર થનારો, ૫ જડ્ડ, ૬ વ્યાધિગ્રસ્ત, ૭ સ્તેન એટલે ચોર કે લુંટારો, ૮ રાજાપકારી એટલે રાજાનો તથા રાજકુટુંબનો દ્રોહ કરનારો, ૯ ઉન્મત્ત એટલે પાગલ, ૧૦ અદર્શન એટલે દષ્ટિહીન અથવા થિણુદ્ધિ નામની નિદ્રાવાળો અથવા સમ્યકત્ત્વરહિત, ૧૧ દાસ, ૧૨ દુષ્ટ એટલે કષાય અને વિષયથી જલ્દી દૂષિત થનાર, ૧૩ મૂઢ એટલે કાર્યાકાર્યના વિવેકથી રહિત, ૧૪ ઋણાર્ત એટલે જેના માથે ઘણું દેવું થઈ ગયું હોય, ૧૫ જુંગિત એટલે જાતિ, કર્મ કે શરીર જુંગિત, ૧૬ અવબદ્ધ એટલે પૈસા લેવા કે વિદ્યા લેવા જ આવેલો, ૧૭. ભૃતક એટલે જેને રૂપિયા આપીને અમુક મુદત સુધી ભાડે રાખેલો અને ૧૮ નિષ્કેટિકા દોષવાળો.

યોગ્યતાના વિષયમાં જે વસ્તુઓ પુરુષને આશ્રીને કહી છે, તે બધી સ્ત્રીને માટે પણ સમજવી. તેમાં વધારે એટલું કે સ્ત્રી સગર્ભા હોય કે નાના છોકરાવાળી હોય, તેને પણ દીક્ષાને માટે અયોગ્ય સમજવી.

પ્ર૦—આઠ વર્ષથી ઓછી ઉમરનો પુરુષ અયોગ્ય કેમ ?

ઉ૦—લોકો એવા પુરુષને બાળક માની તેનો પરાભવ કરે તથા આઠ વર્ષથી ઓછી ઉમરવાળાને પ્રાયઃ ચારિત્રનાં પરિણામ થતાં નથી.

પ્ર૦—આઠથી ઓછી ઉમરવાળાને પણ દીક્ષા અપાયેલી સંભળાય છે, તેનું કેમ ?

ઉ૦—એ દીક્ષાઓ આપવાદિક સમજવી.

પ્ર૦—સાધુજીવનની દીક્ષા એ સંન્યાસદીક્ષા છે અને સંન્યાસદીક્ષા તો બ્રહ્મચાર્યશ્રમ, ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ પછી લેવી યોગ્ય છે. તો આઠ વર્ષની દીક્ષાને યોગ્ય કેમ મનાય ?

ઉ૦—મુમુક્ષુએ ત્રણ આશ્રમ પછી જ સંન્યાસ દીક્ષા લેવી જોઈએ, એવો કોઈ નિયમ નથી અને હોઈ શકે પણ નહિ. એ તો એક સામાન્ય વિધાન છે. બાકી કાળની નોબત ગમે ત્યારે ગડગડે છે અને તેમાંથી બાળક કે યુવાન પણ બચી શકતા નથી. તેથી જ કહ્યું છે કે यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्—જે દિવસે વૈરાગ્ય થાય તે દિવસે જ પ્રવ્રજિત થવું.'

પ્ર૦—પુરુષની લગભગ અઢાર વર્ષ સુધીની ઉંમર ખેલવા કૂદવાની તથા વિદ્યાભ્યાસ કરવાની ગણાય છે, તે વખતે દીક્ષા જેવું આકરું બંધન યોગ્ય ગણાય ખરું ?

ઉ૦—પુરુષની અઢાર વર્ષ સુધીની ઉંમર ખેલવા–કૂદવા કે વિદ્યાભ્યાસ કરવાની છે, તેમ આત્મોન્નતિ કરવાની

પણ છે. જેઓ આ ઉંમરમાં વૈરાગ્ય અને ત્યાગના સંસ્કાર પામી આત્મોન્નતિ કરવા કટિબદ્ધ થાય છે, તેઓ વિપુલ જ્ઞાનપ્રાપ્તિ કરી સ્વકલ્યાણ અને પરકલ્યાણ એમ ઉભય કલ્યાણની સાધના કરી શકે છે. તે માટે દાખલા જોઈતા હોય તો સંખ્યાબંધ આપી શકાય તેમ છે. શ્રીબપ્પભટ્ટસૂરિ-ચાર્ય, શ્રીહેમચંદ્રાચાર્ય વગેરે આ ઉંમરેજ પ્રવ્રજિત થયા હતા.

પ્ર૦—વૃદ્ધ દીક્ષાને માટે અયોગ્ય કેમ?

ઉ૦—તેને સંયમ પાળવો મુશ્કેલ પડે છે. વળી તે ઉંચા આસન પર બેસવાની ઈચ્છા કરે છે, વિનય કરતાં સંકોચ પામે છે અને તે ગર્વ પણ ધારણ કરે છે, તેથી દીક્ષાને માટે અયોગ્ય છે.

પ્ર૦— જડ્ડુથી શું સમજવું ?

ઉ૦—શાસ્ત્રકારોએ ત્રણ પ્રકારના જડ્ડુ માનેલા છે: ભાષાજડ્ડુ, શરીરજડ્ડુ, અને કરણજડ્ડુ. જે બોલતાં અચકાય અથવા બોલડું બોલે તે ભાષાજડ્ડુ; જેનું શરીર ખૂબ ભારે હોય તે શરીર જડ્ડુ અને જે ક્રિયાઓ ન કરી શકે અથવા જેની ઈન્દ્રિયો બરાબર કાર્ય ન કરતી હોય તે કરણજડ્ડુ. આ ત્રણે જડ્ડુ પુરુષો દીક્ષાને માટે અયોગ્ય છે.

પ્ર૦—આ જગતમાં વ્યાધિગ્રસ્ત ન હોય તેવા પુરુષ કેટલા?

ઉ૦—અહીં વ્યાધિગ્રસ્તથી જેને ભગંદર, અતિસાર કોઢ, પથરીનો રોગ, વાઈ કે ફેફરું વગેરે મોટા રોગ થયેલા હોય તે સમજવા.

પ્ર૦—ચોર કે લૂંટારાને દીક્ષા લેવાનો ભાવ થાય તો દીક્ષા આપવામાં હરકત શી?

ઉ૦—માત્ર ભાવ થાય એટલું જ જોવાનું નથી, તેમાં આગળ પાછળનાં અનેક કારણો વિચારવાનાં હોય છે. ચોર ભાવનાવશાત્ દીક્ષા લે પણ પછી પોતાની આદત મુજબ ચોરી કરવા લલચાય તો વ્રત તૂટે અને સમસ્ત સાધુસમાજની નિંદા થાય કે 'આમાં તો બધા ચોર–લૂંટારા જ ભર્યા છે.' તેથી ચોર–લૂંટારા દીક્ષાને યોગ્ય નથી. જો કે આમાં પણ કોઈ કોઇ અપવાદરૂપ હોય છે. ખાસ કરીને જેનો જબ્બર હૃદયપલટો થયો હોય તે આવી દીક્ષા લઈને તેને લજવતા નથી, પણ શોભાવે છે. તે માટે દૃઢપ્રહરી વગેરેનાં દૃષ્ટાંતો આપી શકાય.

પ્ર૦—અહીં દાસથી કેવો પુરુષ સમજવો?

ઉ૦—જે દાસથી ઉત્પન્ન થયેલો હોય, કોઈ પાસેથી વેચાતો લીધેલો હોય કે કરજ પેટે ગ્રહણ કરેલો હોય તેને દાસ સમજવો. આવા પુરુષોને દીક્ષા આપી હોય તો તેનો માલીક દીક્ષા છોડાવી તેને લઈ જાય, વગેરે કેટલાક ઉપદ્રવો થવા સંભવ છે.

પ્ર૦—જેનાં માથે ઘણું દેવું થઇ ગયું હોય તેને દીક્ષા આપવામાં શી હરકત? બિચારો રાહતનો દમ ખેંચે અને આત્મકલ્યાણ પણ થાય!

ઉ૦—જેનાં માથે ઘણું દેવું થઈ ગયું હોય તેને દીક્ષા આપી હોય તો લેણદારો આવીને લેણાનો તકાદો કરે, વખતે

વોરંટ વગેરે કઢાવી ધરપકડ પણ કરે અને બીજી રીતે પણ કદર્થના કરે, એથી તેના ગુરુ વગેરેને પણ સહન કરવું પડે અને સાધુસમાજની પ્રતિષ્ઠાને હાની પહોંચે, તેથી એવાને દીક્ષા આપવી યોગ્ય નથી.

પ્ર૦—જાતિજુંગિત કોણ કહેવાય ?

ઉ૦—જેઓ ચાંડાળ, કોળી, વાઘરી વગેરે જાતિના હોય તે જાતિજુંગિત કહેવાય.

પ્ર૦—કર્મજુંગિત કોણ કહેવાય?

ઉ૦—મોર, પોપટ, કૂકડા વગેરે પક્ષીઓને પાળીને વેચનાર, વાંસ તથા દોર પર ચડી આજીવિકા કરનારા તથા શિકાર વગેરે નિંદ્ય કર્મ કરનારા કર્મજુંગિત કહેવાય.

પ્ર૦—શરીરજુંગિત કોણ કહેવાય ?

ઉ૦—બુચા, બહેરા, લુલા, લંગડા, કુબડા, કાણા, અતિશય ઠીંગણા વગેરે શરીરજુંગિત કહેવાય. આ ત્રણે જુંગિત દીક્ષાને માટે અયોગ્ય ગણાય.

પ્ર૦—ભતક એટલે ?

ઉ૦—જેને અમુક મુદત સુધી ભાડે કે નોકરીએ રાખ્યો હોય તે ભૃતક કહેવાય. તેની ભાડા કે નોકરીની મુદત પૂરી થાય ત્યાં સુધી તે દીક્ષા માટે અયોગ્ય ગણાય.

પ્ર૦—નિષ્ફેટિકા દોષવાળો કોણ કહેવાય?

ઉ૦—જેને માતા, પિતા, કે વડીલે રજા ન આપી હોય કે જેનું અપહરણ કરીને લાવવામાં આવેલો હોય તે નિષ્ફે

ટિકા દોષવાળો કહેવાય. નિષ્ફેટિકા એટલે શિષ્યચોરી. તે માટે પંચકલ્પભાષ્યમાં કહ્યું છે કે.

सो जो अपडुप्पणो विरद्व वरिसुण अहव अणिविट्टो ।
तं दिक्खिन्तऽअविदिण्णं तेणो परतो अतेणो तु ॥

'જે સોળ વર્ષથી ઓછો અપ્રતિપૂર્ણ અથવા નહિ વિવાહિત, તેને માબાપના આપ્યા સિવાય જો દીક્ષા આપે તો શિષ્યનો ચોર ગણી શકાય અને સોળ વર્ષની ઉપરાંત રજા સિવાય પણ આપે તો તે શિષ્યચોર ગણી શકાય નહિ.'

## ૬–અનુમતિ કે અનુજ્ઞા જરૂરી છે.

માબાપ વગેરેની સંમતિ વગર મોટી ઉમરવાળાને દીક્ષા અપાયાના દાખલાઓ મળી આવે છે, પણ રાજ–માર્ગ માતાપિતા વગેરેની અનુમતિ કે અનુજ્ઞા લઇને જ દીક્ષા આપવાનો છે. સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરિએ ધર્મ-બિંદુમાં કહ્યું છે કે 'तथा गुरुजनाद्यनुज्ञेति ॥ ४–२३ ॥ 'દીક્ષાર્થીના માતાપિતાની અનુજ્ઞા માગવી જોઈએ.' એવી અનુજ્ઞા ન હોય તો દીક્ષા સમયે ધાંધલ થવાનો તથા દીક્ષા આપ્યા પછી તેને ઉપાડી જવાનો તથા કોર્ટકચેરી થવાનો સંભવ છે, તેથી અનુજ્ઞાવિધિ જરૂર સાચવવો જોઈએ.

## ૭–દીક્ષા આપવાનો વિધિ

જૈન મહર્ષિઓ જણાવે છે કે જે દીક્ષા આપવાને યોગ્ય હોય તેને પ્રશ્નશુદ્ધિ, કાલશુદ્ધિ, ક્ષેત્રશુદ્ધિ, દિશા-શુદ્ધિ અને વંદનશુદ્ધિપૂર્વક દીક્ષા આપવી જોઇએ.

પ્ર૦—પ્રશ્નશુદ્ધિ કોને કહેવાય ?

ઉ૦—દીક્ષા લેવા આવનારને વિવિધ પ્રશ્નો પૂછી તેની જાતિ, માતાપિતા, ધંધો, ઉમર તથા વિવાહિત કે અવાહિત ? વૈરાગ્ય શાથી થયો ? ધાર્મિક જ્ઞાન કેટલું છે ? વગેરે બાબતની માહિતી મેળવી લેવી, તેમજ એમાંથી તેનો સ્વભાવ, સ્થિરતા, ધીરતાદિ જાણી લેવા અને સંતોષકારક જવાબ મળે તેમજ સાચો વિરાગી, વ્રતપાલનમાં ધીર, સમર્પિત વગેરે જણાય, તો આગળ વધવું એ પ્રશ્નશુદ્ધિ કહેવાય છે. તેનો કાળ છ માસ સુધીનો છે.

પ્ર૦—કાલશુદ્ધિ કોને કહેવાય ?

ઉ૦—સારાં નક્ષત્રે, સારી તિથિએ, સારા સમયે દીક્ષા આપવી તેને કાલશુદ્ધિ કહેવાય. દીક્ષા માટે ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની અને રોહિણી નક્ષત્ર પસંદ કરવા યોગ્ય છે. તિથિઓમાં બંને પક્ષની ચોથ, છઠ, આઠમ, નોમ, બારસ, ચૌદસ તથા પૂનમ છોડીને બીજી તિથિઓ પસંદ કરવા યોગ્ય છે. સારો સમય એટલે દિવસનો સારો ભાગ કે સારું ચોઘડિયું. રાત્રે દીક્ષા આપવાનો નિષેધ છે.

પ્ર૦—ક્ષેત્રશુદ્ધિ કોને કહેવાય ?

ઉ૦—ડાંગર વગેરેનાં ખેતરમાં, વનમાં, પુષ્પવાળા બગીચામાં, સરોવર, તળાવ કે નદીની પાળે, જિનગૃહ કે જિનચૈત્યમાં દીક્ષા અપાય તો ક્ષેત્રશુદ્ધિ જાળવી ગણાય. તાત્પર્ય કે પ્રશસ્ત સ્થાનમાં દીક્ષા આપવી એ ક્ષેત્રશુદ્ધિ છે.

પ્ર૦—દિશાશુદ્ધિ કોને કહેવાય ?

ઉ૦—જે દિશામાં તીર્થંકર કે કેવળી ભગવંત વિચરતા હોય તે તરફ, ઉત્તરદિશા તરફ કે પૂર્વદિશા તરફ મુખ રાખીને દીક્ષા લેવી તે દિશાશુદ્ધિ કહેવાય.

નાણ અર્થાત્ સમવસરણમાં પ્રભુ પધરાવી તેની સામે દીક્ષા લેવામાં આવે છે, તેમાં ગુરુ પૂર્વસન્મુખ બેસે એટલે જમણા હાથે રહેલા શિષ્યને સન્મુખ ઉત્તર દિશા સહેજે આવે છે. એમાં ગુરુ-શિષ્ય બંનેને દિશાશુદ્ધિ સચવાય છે.

પ્ર૦—વંદનશુદ્ધિ કોને કહેવાય ?

ઉ૦—જેમાં ચૈત્યવંદનપૂર્વક કાયોત્સર્ગ તથા વેશ-સમર્પણની ક્રિયા હોય તેને વંદનશુદ્ધિ કહેવાય.

પ્ર૦—વેશસમર્પણમાં શું હોય ?

ઉ૦—એક શ્વેત વસ્ત્ર જેને ચોળપટ્ટો કહેવાય છે, તે પહેરવાનું; સાથે શ્વેત વસ્ત્રનો કપડો અને કપડા સહિત ગરમ કાંબળી તથા રજોહરણ અને મુહપત્તી, એ વેશ કહેવાય.

પ્ર૦—વસ્ત્રો શ્વેતજ શા માટે ? જુદા જુદા રંગના કેમ ન ચાલે ?

ઉ૦—શ્વેત વસ્ત્રમાં રંગનો મોહ થતો નથી, તેમજ રંગની મનુષ્યનાં જીવન ઉપર અસર થાય છે, એ દૃષ્ટિએ શ્વેત વસ્ત્રો સાત્ત્વિકતાની વૃદ્ધિ કરનારાં છે અને રંગીન

વસ્ત્રોમાં જેવો રંગ હોય તેવો ભાવ ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે ઘેરો લાલ રંગ હોય તો મનોવૃત્તિ જલ્દી ચંચલ બને છે, તદ્દન કાળો હોય તો મનનાં પરિણામો નિષ્ઠુર બને છે વગેરે. શ્વેત વસ્ત્રોને ધારણ કરવાના નિયમ પરથી આ સાધુઓ શ્વેતામ્બર સંપ્રદાયના ગણાય છે.

આ રીતે પંચશુદ્ધિથી વિશુદ્ધ થયેલા મુમુક્ષુને ગુરુ મહારાજ નીચે પ્રમાણે સર્વવિરતિ સામાયિકનો પાઠ ઉચ્ચરાવી સામાયિક નામનું પ્રથમ ચારિત્ર આપે છે.×

## સર્વવિરતિ સામાયિકનો પાઠ
## ( કરેમિભંતે સૂત્ર )

करेमि भंते सामाइयं । सावज्जं जोगं पच्चक्खामि । जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि । तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥

આ પાઠનો અર્થ એ છે કે 'હે ભગવંત! હું સામાયિક કરું છું, અર્થાત્ સાવદ્યયોગનું–પાપવ્યાપારનું પ્રત્યાખ્યાન કરું છું. જ્યાં સુધી જીવું ત્યાં સુધી ત્રણ રીતે ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી અને કાયાથી પાપ વ્યાપાર કરું નહિ, કરાવું નહિ અને કરી રહેલા અન્યને

× જૈન મહર્ષિઓએ ચારિત્ર પાંચ પ્રકારનું માન્યું છે : સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત. તેથી અહીં પ્રથમ ચારિત્ર એવો પ્રયોગ કરેલો છે.

સારો જાણું નહિ. તે પાપથી હું પાછો ફરું છું, તેને ખોટું માનું છું, તેનો ગુરુ આગળ એકરાર કરું છું ને એ પાપથી મલિન થયેલા આત્માનો ત્યાગ કરું છું.'

આ સર્વવિરતિ સામાયિક ઉચ્ચરાવ્યા પછી તેને કેટલાક દિવસ અગર માસ સુધી પંચમહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજન–વિરમણ વ્રતની શિક્ષા આપી એ વ્રત ગ્રહણ કરાવવામાં આવે છે, એટલે તે સાધુજીવનમાં દીક્ષીત થયેલો ગણાય છે. તે ક્ષણથી જ તેના ચારિત્રપર્યાયની ગણના થાય છે.

## ૮–પાંચ મહાવ્રતો

પાંચ મહાવ્રતોનાં નામ આ પ્રમાણે જાણવા : (૧) પ્રાણાતિપાત–વિરમણ–વ્રત, (૨) મૃષાવાદ–વિરમણ વ્રત. (૩) અદત્તાદાન–વિરમણ–વ્રત, (૪) મૈથુન–વિરમણ–વ્રત, અને (૫) પરિગ્રહ–વિરમણ–વ્રત.

આદર્શગૃહસ્થોનાં પાંચ અણુવ્રતોની અપેક્ષાએ આ વ્રતો ઘણાં સૂક્ષ્મ છે, તેથી મહાવ્રત કહેવાય છે.

**પ્રથમ મહાવ્રત**ની પ્રતિજ્ઞા આ પ્રમાણે લેવાય છેઃ 'હે ભદન્ત ! જીવહિંસાથી વિરમવું એ પહેલું મહાવ્રત છે, (એમ હું સમજ્યો છું.) હું સર્વ પ્રકારની જીવ-હિંસાનો ત્યાગ કરું છું. તે પ્રાણી સૂક્ષ્મ હોય, બાદર હોય, ત્રસ હોય કે સ્થાવર હોય, તેની સ્વયં હિંસા કરું નહિ, બીજા પાસે હિંસા કરાવું નહિ, પ્રાણીની હિંસા કરી રહેલા અન્યને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું ત્યાં સુધી

ત્રણ પ્રકારે ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી, કાયાથી કરું નહિ, કરાવું નહિ, કરતાંને સારો માનું નહિ. તે પાપમાંથી હે ભદંત! હું પાછો ફરું છું, તેને ખોટું ગણું છું, તેનો ગુરુ સમક્ષ એકરાર કરું છું અને એ પાપથી મલિન થયેલા આત્માનો ત્યાગ કરું છું.

હે ભદંત! સર્વ પ્રકારની જીવહિંસાથી વિમુખ થઇને હું પ્રથમ મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

અહિંસા એ પ્રધાન ધર્મ છે, એટલે પહેલું વ્રત તેનાં પાલન માટે લેવાય છે. આ વ્રતને લીધે સાધુઓ શું શું નથી કરી શકતા ? તે આપણે જાણી લેવું જોઈએ. પૃથ્વીકાયમાં જીવ છે, એટલે તેને કોશ, કોદાળી કે પાવડાથી ખોદી શકતા નથી, તેમજ સચિત્ત માટી, મીઠા વગેરેનો ઉપયોગ કે હિંસા કરી શકતા નથી. અપ્‌કાયમાં જીવ છે, એટલે વાવ, કૂવા, તળાવ, સરોવર કે નદીમાં પડીને નાહી શકતા નથી કે તેનું પાણી ખોબામાં લઈ ને પી શકતા નથી. આવા સચિત્ત પાણીને અડવું એ પણ તેમનાં વ્રતથી વિરુદ્ધ ગણાય છે. અગ્નિકાયમાં જીવ છે એટલે ચકમક કે દીવાસળીનો ઉપયોગ કરી કે બીજી કોઈ રીતે અગ્નિ પ્રકટાવી શકતા નથી. જ્યાં અગ્નિ પ્રકટાવવાનો જ ન હોય ત્યાં રસોઈ કરવી, તાપણાં સળગાવવાં, ધૂણીઓ ધખાવવી વગેરે કેમ કરી શકાય ? વાયુ-કાયમાં જીવ છે, એટલે પંખા વડે પવન ખાવાનું યોગ્ય નથી, પછી એ પંખો હાથથી ચાલતો હોય, પવન ચક્કીથી ચાલતો હોય કે વિદ્યુત્‌શક્તિથી ચાલતો હોય. વનસ્પતિ-

કાયમાં જીવ છે, એટલે કોઇ પણ વૃક્ષ, લતા, ગુલ્મ, વિટપ, ઘાસ વગેરેનું પાંદડું તોડી શકાતું નથી કે તેને સ્પર્શ પણ કરી શકાતો નથી. વળી આ વ્રત ધારણ કરનાર હાથી, ઘોડા ઊંટ વગેરે પશુઓ પર સવારી કરી શકતા નથી, કારણ કે એથી તેમને દુઃખ થવાનો સંભવ છે. તેમજ પશુઓ અને પક્ષીઓને પાળવા કે ઉછેરવાનું કામ પણ તેમનાથી થઈ શકતું નથી, કારણ કે તેમ કરતાં તેમને વાડામાં તથા પાંજરામાં પૂરવા પડે અને તેમની સ્વતંત્રવૃત્તિ પર એક જાતનું બંધન આવી પડે. એટલું જ નહિ પણ તેઓ પૃથ્વી-કાયાદિ ષટ્કાયની હિંસા બીજા પાસે પણ કરાવી શકતા નથી. તેમજ બીજાએ સાધુનિમિત્તે હિંસા કરી તૈયાર કરેલી વસ્તુ તેમને કામ લાગથી નથી.

અન્ય સાધુઓ ઉપર્યુક્ત હિંસાનાં બધાં કામો કરે છે કે કરાવે છે, એટલે તેઓ સૂક્ષ્મ અહિંસાનું પાલન કરતા નથી, એમ સમજવાનું છે.

**બીજા મહાવ્રતની** પ્રતિજ્ઞા આ પ્રમાણે લેવાય છે: ‘હે ભદંત! અસત્ય બોલવાથી વિરમવું એ બીજું મહાવ્રત છે, (એમ હું સમજ્યો છું.) હું સર્વ પ્રકારની અસત્ય વાણીનો ત્યાગ કરું છું. તે ક્રોધથી અથવા લોભથી, ભયથી અથવા હાસ્યથી સ્વયં બોલું નહિ, બીજા પાસે બોલાવું નહિ, તથા અસત્ય બોલી રહેલાને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું ત્યાં સુધી...કરું છું. (આટલો પાઠ બધા વ્રતોમાં સમાન સમજવો.)

હે ભદંત! સર્વ પ્રકારના અસત્ય બોલવામાંથી વિમુખ થઈને હું બીજા મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

શ્રી દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છેકે–

मुसावायाओ य लोगम्मि सव्वसाहूहिं गरहिओ ।
अविस्सासो य भूयाणं, तम्हा मोसं विवज्जए ॥

'સર્વ સાધુ પુરુષોએ મૃષાવાદને વખોડયો છે, કારણકે તેથી લોકોમાં અવિશ્વાસની લાગણી ઉત્પન્ન થાય છે, માટે મૃષાવાદનો ત્યાગ કરવો જોઈએ.'

અસત્ય બોલવું એક ગૃહસ્થને પણ શોભતું નથી, તો સાધુ પુરુષને શોભે જ કેમ ?

**ત્રીજા મહાવ્રતની** પ્રતિજ્ઞા આ પ્રમાણે લેવાય છેઃ 'હે ભદંત! માલીકે ન આપી હોય તેવી કોઈ પણ વસ્તુ ન લેવી એ ત્રીજું મહાવ્રત છે, (એમ હું સમજ્યો છું.) હું સર્વ પ્રકારના અદત્તાદાનનો ત્યાગ કરું છું. ગામ નગર કે અરણ્યમાં થોડું, વધારે, નાનું, મોટું, સજીવ કે નિર્જીવ જે કોઈ પણ માલીક દ્વારા ન અપાયું હોય તેને હું સ્વયં ગ્રહણ કરું નહિ, બીજા પાસે ગ્રહણ કરાવું નહિ તથા ગ્રહણ કરનારને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું.... કરું છું.

હે ભદંત! સર્વ પ્રકારનાં અદત્તાદાનથી વિમુખ થઈને હું ત્રીજા મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રમાં કહ્યું છે કે–

अदत्तादाणं अकित्तिकरणं अणज्जं साहुगरहणिज्जं ।
पियजणमित्तजणभेदविप्पत्तीकारकं रागदोसबहुलं ॥

'અદત્તાદાન અપયશ કરનારું અનાર્ય કર્મ છે અને તેની સર્વ સાધુઓએ નિંદા કરેલી છે. તે પ્રિયજન-મિત્ર-જનમાં ભેદ તથા અપ્રીતિ ઉત્પન્ન કરનારું છે અને રાગ-દ્વેષથી ભરેલું છે.'

**ચોથા મહાવ્રતની** પ્રતિજ્ઞા આ પ્રમાણે લેવાય છે: 'હે ભદંત ! મૈથુનથી દૂરૂ રહેવું એ ચોથું મહાવ્રત છે, (એમ હું સમજ્યો છું.) હું સર્વ પ્રકારનાં મૈથુનનો ત્યાગ કરું છું. દૈવી, માનુષિક કે પાશવિક કોઈ પણ પ્રકારનાં મૈથુનનું સેવન હું સ્વયં કરું નહિ, બીજા પાસે કરાવું નહિ, તથા કરતાને સારો જાણું નહિ. જ્યાં સુધી જીવું.... કરું છું.

હે ભદંત! સર્વ પ્રકારનાં મૈથુનથી વિમુખ થઈને હું ચોથા મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રમાં કહ્યું છે કે—

विनयसीलतवनियमगुणसमूहे तं बंभं भगवंतं ।
गहगणनक्खत्ततारगणे वा जहा उडुपत्ती ॥

'જેમ ગ્રહગણ, નક્ષત્રગણ અને તારાગણમાં ચંદ્ર પ્રધાન છે, તેમ વિનય, શીલ, તપ, નિયમ વગેરે ગુણ-સમૂહમાં બ્રહ્મચર્ય પ્રધાન છે.'

तम्हा निहुएण बंभचेरं चरियव्वं सव्वओ ।
विसुद्धं जावज्जीवाए, जाव सेयट्ठिसंजउ त्ति ॥

'તેથી જ્યાં સુધી જીવન હોય ત્યાં સુધી અને શરીરમાં રક્ત અને માંસ રહે ત્યાં સુધી વિશુદ્ધિપૂર્વક નિશ્ચિત રૂપમાં બ્રહ્મચર્ય પાળવું જોઈએ.'

બ્રહ્મચર્યનાં પાલનમાં સહાય મળે તે માટે જૈન મહર્ષિઓએ નીચેના નવ નિયમોનું વિધાન કરેલું છે, જે સામાન્ય રીતે બ્રહ્મચર્યની નવ ગુપ્તિ કે નવ વાડનાં નામથી ઓળખાય છે.

૧. विविक्तवसतिसेवा—ઉંદર બિલાડીથી રહિત સ્થાનમાં વસે તેમ બ્રહ્મચારી સાધુપુરુષે સ્ત્રી, પશુ અને નપુંસકના વાસથી રહિત એકાંત વિશુદ્ધ સ્થાનમાં વાસ કરવો.

૨. स्त्रीकथापरिहारः—સ્ત્રી સંબંધી જુદી જુદી જાતની વાતો કરવાથી વિષય જાગૃત થાય છે, તેથી સ્ત્રીઓ સંબંધી વાતો કરવી નહિ. કોઇ સાધ્વી કે પતિવ્રતા સ્ત્રીનું જીવન વાંચવું કે તે નિમિત્તે શીયળનો બોધ આપવો તે ધર્મકથા હોઈ તેનો નિષેધ નથી.

૩. निषद्याऽनुप्रवेशनम्—પાટ, પાટલા, શયન, આસન વગેરે સ્ત્રીઓને બેસવાની વસ્તુ પર બેસવું નહિ. સ્ત્રી બેઠેલી હોય તે આસન બે ઘડી સુધી વાપરવું નહિ. વિચારની અસર વાતાવરણ પર રહે છે, એ ન્યાયે આ નિયમ બાંધવામાં આવ્યો છે.

૪. इन्द्रियाप्रयोगः—રાગને વશ થઇ સ્ત્રીઓનાં અંગોપાંગ–કુચ, કટિ, મુખ આદિ જોવા માટે પ્રયત્ન કરવો નહિ. રૂપ જોતાં મોહનો ઉદય થઈ પતનનો પ્રસંગ આવે છે.

૫. कुडथ्यान्तरदाम्पत्यवर्जनम्—ભીતનાં આંતરે સ્ત્રીપુરુષનું યુગલ રહેલું હોય તેવાં સ્થાનનો ત્યાગ કરવો.

૬. पूर्वक्रीडास्मृतिः—સ્ત્રી સાથે કરેલી પૂર્વક્રીડાઓનું સ્મરણ કરવું નહિ. એનાં સ્મરણથી વિષયની ઉત્પત્તિ થવાનો સંભવ છે.

૭. प्रणाताभोजनम्—માદક આહારનો ત્યાગ કરવો, કારણકે તેવા આહારથી ઇંદ્રિયોમાં ઉત્તેજના પેદા થાય છે.

૮. अतिमात्राऽभोगः—પ્રમાણથી અધિક આહાર કરવો નહિ, કારણકે તેથી ઊંઘ વધે છે, મેદ વધે છે અને પ્રસંગે સ્વપ્નદોષ પણ થાય છે

૯. विभूषापरिवर्जनम्—શૃંગારલક્ષણવાળી શરીરની અને ઉપકરણની શોભાનો ત્યાગ કરવો, અર્થાત્ સ્નાન, વિલેપન, વાસના એટલે શરીરને સુગંધિત બનાવવું, ઉત્તમ વસ્રો, તેલ, અત્તર, સેન્ટ, તંબોલ વગેરેનો ઉપયોગ કરવો નહિ.

ઉપરાંત શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ આદિ ઇન્દ્રિયોના વિષયમાં પણ આસકત ન થવાનો ઉપદેશ છે.

બ્રહ્મચારી સાધુએ કોઇ પણ નિમિત્તે સ્ત્રીનાં શરીરનો સ્પર્શ કરવાનો નથી, તેમ જ સ્ત્રીઓને પોતાનાં ચરણનો સ્પર્શ કરવા દેવાનો નથી. તે અંગે શ્રીદશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે—

हत्थपायपडिच्छिन्नं कन्ननासविगप्पिअं ।
अवि वाससतं नारिं बंभचारी विवज्जए ॥

' જેના હાથપગ છેદાઈ ગયેલા હોય, જેના કાનનાક કપાઈ ગયેલા હોય, એવી સો વર્ષની બૂઢ્ઢી હોય તો પણ બ્રહ્મચારી સાધુએ તેના તરફ દૃષ્ટિ સરખી કરવી નહિ.'

ચરણસ્પર્શને નામે અન્ય સાધુઓ કુમારિકા અને નવયૌવના સ્ત્રીઓને પોતાનાં ચરણને સ્પર્શ કરવા દે છે તથા તેમનાં મસ્તકે હાથ મૂકે છે, તેને અમે સાધુધર્મથી તદ્દન વિપરીત સમજીએ છીએ અને એવી પ્રથા દૂર કરવાની મજબૂત હિમાયત કરીએ છીએ.

સ્ત્રીનો વિશેષ પરિચય તથા એકાંતમાં વાતચીત પણ બ્રહ્મચર્યને બાધા પહોંચાડે છે, એટલે તેનો પણ સાધુએ અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

**પાંચમા મહાવ્રતની** પ્રતિજ્ઞા આ પ્રમાણે લેવાય છે: ' હે ભદંત ! પરિગ્રહ રાખવો નહિ, એ પાંચમું મહાવ્રત છે, (એમ હું સમજ્યો છું.) હું સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરું છું. નાનો, મોટો, સજીવ, નિર્જીવ કોઈ પણ પ્રકારનો પરિગ્રહ હું સ્વયં ગ્રહણ કરું નહિ, બીજાની પાસે ગ્રહણ કરાવું નહિ, તથા ગ્રહણ કરનારને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું—કરું છું.

હે ભદંત! સર્વ પ્રકારના પરિગ્રહથી વિમુખ થઈને હું પાંચમા મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

પરિગ્રહ પાપનું મૂળ છે. જેમ તેલનું બિંદુ પાણીમાં પડતાં જોતજોતામાં ફેલાઈ જાય છે, તેમ પરિગ્રહની થોડી

પણ ભાવના જાગતાં તે વિસ્તૃત બની જાય છે અને તેનું માપ રહેતું નથી. તે માટે બાવાજીની લંગોટીનું દૃષ્ટાંત ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

એક બાવાજી ગામથી થોડે દૂર ઝુંપડી બાંધીને રહેતા હતા. તેમની લંગોટી ઉંદરડાએ કાતરી નાખી. આથી બાવાજી વિમાસણમાં પડ્યા કે શું કરવું ? તેમણે કોઈ પાસેથી માગીને બીજી લંગોટી મેળવી લીધી, પરંતુ થોડા દિવસ બાદ એ લંગોટીના પણ એજ હાલ થયા. આથી બાવાજીએ વિચાર કર્યો કે મારી લંગોટી ઉંદરડા કાતરી ન ખાય તેમ મારે કરવું જોઇએ. આથી તેમણે એક બિલાડી પાળી. બિલાડીની સતત હાજરીમાં ઉંદર-ડાઓ લંગોટીને કશું નુકશાન કરી શક્યા નહિ, પણ બિલાડીને રોજ દૂધ શી રીતે પાવું ? એ પ્રશ્ન ખડો થયો. આથી બાવાજીએ એક ગાય પાળી ને તેને માટે ઝુંપડી વગેરે બનાવ્યું. પરંતુ ગાય એમ થોડી જ પળાય છે ? તેને ખાવા માટે ઘાસ જોઈએ, પીવાનું પુષ્કળ પાણી જોઈએ વગેરે. એટલે બાવાજીએ ઝુંપડી પાસે થોડી પડતર જમીન હતી, તે વાળી લઈ તેમાં કૂવો ખોદ્યો અને જુવાર વાવી.

આ રીતે એક લંગોટી સાચવવા જતાં બાવાજી ખેડૂતની હાલતમાં આવી પડ્યા અને પોતાનું નિત્યકર્મ ચૂકી ગયા. તેથી સાધુએ કોઈપણ વસ્તુ પર મમત્વબુદ્ધિ—પરિગ્રહબુદ્ધિ રાખવી નહિ.

## ૯—છઠ્ઠું રાત્રિભોજન-વિરમણ-વ્રત

પાંચ મહાવ્રતો ઉપર છઠ્ઠું રાત્રિભોજન-વિરમણ-વ્રત આ પ્રમાણે લેવાય છે: 'હે ભદંત! રાત્રિભોજન છોડવું એ છઠ્ઠું મહાવ્રત છે, (એમ હું સમજ્યો છું.) હું સર્વ પ્રકારનાં રાત્રિભોજનનો ત્યાગ કરું છું. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ચાર પ્રકારના આહારોમાંથી કંઈ પણ રાત્રે ખાઉં નહિ, બીજાને ખવરાવું નહિ તથા ખાઈ રહેલા અન્યને સારો માનું નહિ. જ્યાં સુધી જીવું ...કરું નહિ.

હે ભદંત! હું સર્વ પ્રકારના રાત્રિભોજનથી વિમુખ થઈને છઠ્ઠા મહાવ્રતમાં સ્થિર થાઉં છું.'

પ્ર૦—રાત્રિભોજન કોને કહેવાય?

ઉ૦—સાયંકાલથી માંડીને બીજા દિવસના સૂર્યોદય સુધી કોઈ પણ પ્રકારનું ભોજન કરવું, તેને રાત્રિભોજન કહેવાય.

પ્ર૦—તેનો ત્યાગ કરવાનું કારણ શું?

ઉ૦—રાત્રિભોજન કરતાં અહિંસાનો સિદ્ધાંત જાળવી ન શકાય. જેમકે રાત્રે ગોચરી લેવા બહાર જવું પડે, તે વખતે રસ્તામાં પાણી પડ્યું હોય, બીજ પડ્યા હોય, લીલોતરી પડી હોય કે જંતુ-કીડા વગેરે પડ્યા હોય તેની દયા પાળી શકાય નહિ. તથા એ રીતે ગોચરી લાવ્યા પછી તેને વાપરવા બેસતી વખતે પણ સૂક્ષ્મ જીવો અંદર પડે તે જોઈ શકાય નહિ. વળી ગોચરીનિમિત્તે રાત્રે

ગૃહસ્થોનાં ઘરમાં જતાં કોઇ સ્ત્રી ભોગ માટે આમંત્રણ કરે કે એકાંતનો લાભ લે આદિ અનેક દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે, તેથી આદર્શ સાધુએ રાત્રિભોજનનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

પ્ર૦—અશન કોને કહેવાય ?

ઉ૦—ક્ષુધાનું શમન કરે તેવા પદાર્થોને અશન કહેવાય. જેમકે રોટલો, રોટલી, પૂરી, વડાં, માંડો, સાથવો, દૂધ, દહીં, પકવાન્ન તથા શાકભાજી વગેરે.

પ્ર૦—પાન કોને કહેવાય ?

ઉ૦—વાપરી શકાય તેવા જુદી જુદી જાતનાં પાણીને પાન કહેવાય.

પ્ર૦—ખાદિમ કોને કહેવાય ?

ઉ૦—જેનાથી અમુક અંશે ક્ષુધાની તૃપ્તિ થાય તેને ખાદિમ કહેવાય. ચણા વગેરે ભુંજેલાં ધાન્યો, પૌંઆં, શેલડી, કેરી, કેળાં, ફણસ વગેરે ફળો, ચારોળી, બદામ, દ્રાક્ષ તથા સૂકો મેવો વગેરે આ પ્રકારમાં આવે.

પ્ર૦—સ્વાદિમ કોને કહેવાય ?

ઉ૦—જે માત્ર સ્વાદ કરવા યોગ્ય હોય તેને સ્વાદિમ કહેવાય. મુખવાસ, ચૂરણ, ગોળી, સોપારી વગેરે સ્વાદિમ છે.

આ પાંચ મહાવ્રતો તથા છઠ્ઠું રાત્રિભોજન–વિરમણ-વ્રત એ સાધુના મૂળગુણ કહેવાય છે, તેથી મન, વચન અને કાયાથી તેનું પાલન કરવું આવશ્યક છે. એ પાલનમાં કોઈ ભૂલ થઈ જાય તો તેની પ્રાતઃકાલીન અને

સાયંકાલીન પ્રતિક્રમણ-વખતે આલોચના કરી શુદ્ધ થવુ જોઈએ તથા તે માટે ગુરુ જે પ્રાયશ્ચિત આપે તે ગ્રહણ કરવું જોઈએ.

## ૧૦-પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ

સાધુઓ મહાવ્રતને અનુરૂપ ચારિત્રનું ઘડતર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનાં પાલનવડે કરે છે, એટલે તેનો પરિચય પણ આપણે મેળવી લેવો જોઈએ.

સમ્યક્ પ્રવૃત્તિ કે એકાગ્ર પરિણામવાળી સુંદર ચેષ્ટાને સમિતિ કહેવાય. તેના પાંચ પ્રકારો તે (૧) ઇર્યાસમિતિ, (૨) ભાષાસમિતિ, (૩) એષણાસમિતિ, (૪) આદાનનિક્ષેપ સમિતિ અને (૫) પારિષ્ઠાપનિકાસમિતિ.

જેનાથી અનિષ્ટ સંપર્ક કે અનિષ્ટ પરિણામ રોકી શકાય અને શુભ પ્રવૃત્તિ થાય તેને ગુપ્તિ કહેવાય. તેના ત્રણ પ્રકારો તે (૧) મનોગુપ્તિ, (૨) વચનગુપ્તિ અને (૩) કાયગુપ્તિ.

આ પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ મહાવ્રતરૂપ પ્રવચનનું પાલન કરવામાં તથા તેની રક્ષા કરવામાં એક માતા જેવું કામ કરે છે, તેથી તેને અષ્ટપ્રવચનમાતા કહેવામાં આવે છે. તે અંગે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે-

एयाओ पञ्च समिइओ, चरणस्स य पवत्तणे ।
गुत्ती नियत्तणे वुत्ता, असुभत्थेसु सव्वसा ॥
एसा पवयणमाया, जे सम्मं आयरे मुणी ।
खिप्पं सव्व संसारा विप्पमुच्चइ पण्डिए ॥

'આ પાંચ સમિતિ ચારિત્રને માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓમાં ઉપયોગી છે અને ત્રણ ગુપ્તિ અશુભ વ્યાપારમાંથી નિવૃત્ત થવા માટે ઉપયોગી છે. આ પ્રકારે અષ્ટપ્રવચન માતાનું જે બુદ્ધિમાન્ મુનિ સારી રીતે પાલન કરે છે, તે શીઘ્ર સંસારમાંથી મુક્ત થાય છે.'

**ઈર્યાસમિતિ** સાધુએ કઈ રીતે ચાલવું—ગમનાગમન કરવું, તેના નિયમો દર્શાવે છે. તે આ પ્રમાણે: (૧) જ્ઞાન–દર્શન–ચારિત્રના હેતુથી ચાલવું, પણ અન્ય હેતુથી ચાલવું નહિ. (૨) દિવસના સમય દરમિયાન ચાલવું પણ રાત્રે ચાલવું નહિ. (૩) સારી રીતના અવરજવરવાળા માર્ગમાં ચાલવું પણ નવા કે ન વપરાતા માર્ગ પર ચાલવું નહિ. એવા માર્ગમાં સજીવ માટી તથા જીવજંતુઓ વિશેષ હોવાનો સંભવ છે. (૪) સારી રીતે જોઈને ચાલવું પણ જોયા વિના ચાલવું નહિ. (૫) નજરને નીચી રાખી ધોંસરી પ્રમાણ એટલે ચાર હાથ ભૂમિનું અવલોકન કરવું, પણ આડું અવળું જોતાં ચાલવું નહિ. અને (૬) ઉપયોગ (ખ્યાલ)પૂર્વક ચાલવું પણ અનુપયોગે ચાલવું નહિ.

**ભાષાસમિતિ** સાધુએ કઈ રીતે બોલવું, તેના નિયમો દર્શાવે છે. તે આ પ્રમાણે: (૧) ક્રોધથી બોલવું નહિ. (૨) અભિમાનપૂર્વક બોલવું નહિ. (૩) છલ–કપટથી બોલવું નહિ. (૪) લોભથી બોલવું નહિ. (૫) હાસ્યથી બોલવું નહિ. (૬) ભયથી બોલવું નહિ. (૭) વાક્ચાતુરીથી બોલવું નહિ. (૮) વિકથા કરવી નહિ. સ્ત્રીકથા,

ભક્તકથા (ભોજન સંબંધી વાત), દેશકથા (લોક વ્યવહારની વાત) અને રાજકથા (રાજ ખટપટની વાત) ને વિકથા કહેવાય છે.

સાધુએ કઠોર ભાષાનો કદી ઉપયોગ કરવો નહિ, કારણ કે તેથી સામાને ઘણું દુઃખ થાય છે. કાણાને કાણો, નપુંસકને નપુંસક કે ચોરને ચોર કહેવો એ કઠોર ભાષા છે, તેથી સાધુ તેનો ત્યાગ કરે.

> અંધાને અંધો કહે, વરવું લાગે વેણ;
> ધીરે ધીરે પૂછીએ, શાથી ખોયાં નેણ?

આદર્શ સાધુ પાપને ઉત્તેજન આપે તેવી ભાષાનો ઉપયોગ કરે નહિ. તે હમેશા હિત, મિત અને પથ્યજ બોલે. કોઇ પણ મનુષ્યને તેઓ મહાશય, મહાનુભાવ, દેવાનુપ્રિય વગેરે મધુર સંબોધનથી બોલાવે, પણ અલ્યા! મૂર્ખ! બેવકૂફ! ગધેડા! વગેરે કહીને બોલાવે નહિ

**એષણાસમિતિ** સાધુએ કઇ રીતે આહારપાણી વગેરે મેળવવા તેના નિયમો દર્શાવે છે. સાધુને આહાર, પાણી, ઔષધ, પીઠ, ફલક, શય્યા, સંસ્તારક વગેરે જે વસ્તુની જરૂર પડે તે તેણે ભિક્ષાથી જ મેળવવાની છે અને તેથી જ તે ભિકખુ–ભિક્ષુક કહેવાય છે. અહીં એ સ્પષ્ટતા કરવી જોઈએ કે સામાન્ય ભિક્ષુક અને આ ભિક્ષુક એક કોટિના નથી. એકને ખાવા મળતું નથી, એટલે તે ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરે છે અને બીજાસર્વ વૈભવવિલાસનો ત્યાગ કરીને નિર્વાણની સાધના માટે ત્યાગી બનેલા છે. તેઓ આરંભ–

સમારંભ ન કરવો પડે તે માટે અર્થાત્ ચારિત્રના નિર્વાહ માટે સૂઝતી ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ ચલાવે છે. આ બે વસ્તુનો ભેદ નહિ સમજવાથી કેવો અનર્થ થાય છે? તે મુંબઈ રાજ્યની ધારાસભામાં દાખલ થયેલા ભિક્ષાપ્રતિબંધક ખરડા વખતે સ્પષ્ટ થયું હતું.

આદર્શ સાધુઓ અહારપાણી મેળવતી વખતે ૪૨ દોષો ટાળે.

(૧) જે આહારાદિ સાધુ માટે જ બનાવેલ હોય તે લે નહિ.

(૨) જે આહારાદિ સાધુને ઉદ્દેશીને બનાવેલા હોય તે લે નહિ.

(૩) જે આહરાદિ અકલ્પ્યના સંસર્ગમાં આવેલ હોય તે લે નહિ.

(૪) જે આહારાદિ પોતાના પરિવાર તેમ જ સાધુઓને લક્ષમાં રાખીને બનાવેલા હોય તે લે નહિ.

(૫) જે આહારાદિ સાધુ માટે જ અમુક સમયથી રાખી મૂકેલ હોય તે લે નહિ.

(૬) જે આહારાદિ ખાસ દાન માટે જ તૈયાર કરી રાખેલ હોય તે લે નહિ.

(૭) જે આહારાદિ અંધારામાં પડેલા હોય તેને આપવા માટે દીવા–બત્તી વગેરેનો પ્રકાશ કરવામાં આવે તો લે નહિ.

(૮ – ૧૨) જે આહારાદિ સાધુઓને આપવા માટે વેચાતા લાવવામાં આવ્યા હોય[૮], ઉધાર લાવવામાં આવ્યા હોય[૯], વિનિમય કરીને એટલે અદલોબદલો કરીને મેળવવામાં આવ્યા હોય[૧૦], બીજાની પાસેથી ઝુંટવીને લેવામાં

આવ્યા હોય[૧૧], કે છાણા માટી વગેરેથી બંધ કરેલાં મોઢાં ખોલીને આપવામાં આવતા હોય[૧૨] તે લે નહિ.

(૧૩-૧૬) જે આહારાદિ સામેથી લાવવામાં આવ્યા હોય[૧૩], કમાડ ખોલીને કે ઉપલા મજલેથી લાવવામાં આવ્યા હોય[૧૪], ભાગીદારની સંમતિ વિના આપવામાં આવતા હોય[૧૫], કે સાધુને આવેલા જાણી વધારે કરવામાં આવ્યા હોય[૧૬], તે લે નહિ.

(૧૭-૩૨) બાળકને રમાડીને[૧૭], દૂતીઓની માફક સંબંધીઓના સમાચાર કહીને[૧૮], નિમિત્ત જ્યોતિષ કહીને[૧૯], પોતાની જ્ઞાતિ વગેરે બતાવીને[૨૦], નિર્ધનતા કે દીનતા બતાવીને[૨૧], દવા કરીને[૨૨], ક્રોધ કરીને[૨૩], અહંકાર કરીને[૨૪], છલકપટ કરીને[૨૫], લોભ કરીને[૨૬], ગુણ ગાઈને[૨૭], વિદ્યા-કામણ કે વશી-કરણ કરીને[૨૮], મંત્ર-તંત્રનો પ્રયોગ બતાવીને[૨૯], ગોળી-ચૂરણ આદિના નુસખા બતાવીને[૩૦], સૌભાગ્ય-દુર્ભાગ્ય બતાવીને[૩૧], ગર્ભ પડાવીને[૩૨], સાધુ આહારાદિ લે નહિ.

(૩૩) જેની નિર્દોષતાની પૂરી ખાતરી ન થાય તે લે નહિ.

(૩૪) હાથ સચિત્ત વસ્તુથી ખરડાયેલો હોય ને આપવામાં આવે તો લે નહિ.

(૩૫) આહાર કે વસ્તુ અચિત્ત ઉપર રાખેલ હોય તો લે નહિ.

(૩૬) આહાર કે વસ્તુ ઉપર અચિત્ત મૂકેલ હોય તે લે નહિ.

(૩૭) આહાર કે વસ્તુ સચિત્તને સ્પર્શ કરતા હોય તો લે નહિ.

(૩૮) દાતા અંધ કે પંગુ હોય તો લે નહિ.

(૩૯) આહાર કે વસ્તુ પૂરી અચિત્ત થયેલ ન હોય તો લે નહિ.

(૪૦) સચિત્ત અને અચિત્ત વસ્તુ એક સાથે રહેલ હોય તો લે નહિ.

(૪૧) કોઈ અયત્નાએ વહોરાવતું હોય તો લે નહિ.

(૪૨) તરતનાં લીપેલાં આંગણાં પર થઈને આવે અને વહોરાવે તો લે નહિ.

ગાય જેમ બધી જગાએથી થોડું થોડું ઘાસ ખાય છે, તેમ સાધુ જુદાં જુદાં ઘરોમાંથી થોડી થોડી વસ્તુ ગ્રહણ કરે, જેથી ગૃહસ્થને વાંધો આવે નહિ અને પોતાની આજીવિકા ચાલે.

**આદાનનિક્ષેપસમિતિ** નો અર્થ એ છે કે જે વસ્તુઓ નિત્ય ઉપયોગમાં આવે છે, તેની પ્રમાર્જના કરવી જોઈએ તથા તેને લેવા–મૂકવામાં ખાસ સાવધાની રાખવી જોઈએ. તેથી આદર્શ સાધુઓ રોજ પ્રાતઃકાલમાં પ્રતિક્રમણ નામની ક્રિયા કર્યા બાદ મુહપત્તી, ચોલપટો, ઊનનાં કપડાં, સુતરાઉ કપડાં, ઓઘો, સંથારિયું વગેરે વસ્તુ સૂક્ષ્મ દૃષ્ટિથી જોઇ લે છે, તેનાં પર કોઇ જીવ જંતુ ચડયું હોય તો તેને રજોહરણ વડે ધીમેથી દૂર કરે છે અને તેને વ્યવસ્થિત મૂકી દે છે. ત્રીજા પ્રહરના અંતભાગે પણ તેઓ પ્રતિલેખનની આવી જ ક્રિયા કરે છે.

પારિષ્ઠાપનિકાસમિતિનો અર્થ એ છે કે સાધુએ મલ–મૂત્રનું વિસર્જન જંતુ તથા હરિયાળીથી રહિત નિરવદ્ય ભૂમિ કે જ્યાં હિંસા થવાનો સંભવ નથી, તેવી ભૂમિમાં કરવું જોઇએ તથા શ્લેષ્મ, થૂંક, કેશ કે બીજી પરઠવવા યોગ્ય વસ્તુઓ પણ નિરવદ્ય ભૂમિમાં પરઠવવી જોઈએ.

**મનોગુપ્તિનો** અર્થ એ છે કે મનને સંરંભ, સમારંભ અને આરંભ એ ત્રણ ક્રિયામાં જવા દેવું નહિ. જેમાં કોઇ પણ જાતની હિંસા થવાનો સંભવ હોય તેવી ક્રિયાનો સંકલ્પ કે વિચાર કરવો તે સંરંભ કહેવાય, તે સંકલ્પને અમલમાં મૂકવાનાં સાધનો એકત્ર કરવાં તેને સમારંભ કહેવાય અને કાર્યનો પ્રયોગ કરવો તેને આરંભ કહેવાય. આદર્શ સાધુ આરંભ–સમારંભ કરે નહિ એમ જે કહેવાય છે, તેનો અર્થ આ ત્રણે ક્રિયાઓથી નિવૃત્ત થવાનો છે. શુભ ભાવના, તત્ત્વચિંતન અને ધ્યાન એ તેનો પ્રત્યુપાય છે.

**વચનગુપ્તિનો** અર્થ એ છે કે સંરંભ, સમારંભ તથા આરંભને અર્થે બોલવામાં આવતાં વચનોને ઉપયોગપૂર્વક રોકી રાખવાં. મૌન તથા સ્તોત્ર–સ્વાધ્યાદિ એ તેનો પ્રત્યુપાય છે.

**કાર્યગુપ્તિનો** અર્થ એ છે કે ઉભા રહેતાં, સૂતાં, ઉઠતાં, બેસતાં તથા પાંચે ઇંદ્રિયોનો વ્યાપાર કરતાં મનને સાવદ્ય યોગમાં એટલે પાપમય વ્યાપારમાં પ્રવૃત્ત થવા દેવું નહિ. જ્ઞાનાચારાદિ પંચાચારની પ્રવૃત્તિ તથા આસન એટલે એક સ્થળે સ્થિરતાથી બેસવું એ તેનો પ્રત્યુપાય છે.

કાયોત્સર્ગમાં આસન, મૌન અને ધ્યાન એ ત્રણે વસ્તુઓ સિદ્ધ થાય છે, તેથી ગુપ્તિનાં પાલન માટે કાયોત્સર્ગનો બને તેટલો આશ્રય લેવો આવશ્યક છે.

## ૧૧–દશવિધ યતિધર્મ

(૧) ક્ષમા, (૨) માર્દવ, (૩) આર્જવ, (૪) મુક્તિ, (૫) તપ, (૬) સંયમ, (૭) સત્ય, (૮) શૌચ, (૯) અકિંચનત્વ અને (૧૦) બ્રહ્મચર્ય એ દશ ગુણોની ગણના યતિધર્મ કે સાધુધર્મમાં થાય છે, એટલે દરેક સાધુમાં આ ગુણો હોવા આવશ્યક છે, પછી તે ગમે તે ધર્મ કે ગમે તે સંપ્રદાયનો હોય.

પ્ર૦—સાધુઓ ક્ષમાગુણથી શું કરે?

ઉ૦–ક્રોધના અભાવને ક્ષમા કહેવામાં આવે છે, એટલે સાધુ કોઈ પણ પ્રાણી પ્રત્યે ક્રોધ કરે નહિ કે વૈર રાખે નહિ. સાધુ સમણુ કહેવાય છે, એટલે તે શત્રુ કે મિત્ર સર્વ પ્રત્યે સમભાવ રાખે. શ્રી મહાવીર પ્રભુના પગના અંગૂઠે ચંડકૌશિક નાગે ભયંકર દંશ દીધો, છતાં તેમણે જરાયે ક્રોધ ન કર્યો. ઉલટું 'હે ચંડકૌશિક! બુઝ! બુઝ!' એ શબ્દો વડે તેને શાંત કરી ધર્મ પમાડ્યો.

આદર્શ સાધુ વિશ્વબંધુત્વની ભાવનામાં માનનારા હોય છે, એટલે તેઓ હંમેશાં હરપળે નીચેની ભાવના સેવે:

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥

'હું સર્વ જીવોને તેમના અપરાધની ક્ષમા આપું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. મારે સર્વ જીવોથી મૈત્રી છે, કોઈથી પણ વૈર નથી.'

વિષ્ણુકુમાર મુનિએ અપરાધિ નમુચીને દંડ દીધો અને કાલિકાચાર્યે સૈન્ય એકઠું કરીને અધમ કૃત્ય આચરનાર ગર્દભિલ્લરાજા પર ચડાઇ કરી તેને પરાસ્ત કર્યો, ઇત્યાદિ પ્રસંગ પ્રશસ્ત કષાય અને આપદ્ધર્મના હોઇને ઉત્સર્ગમાર્ગ કે રાજમાર્ગ લેખાય નહિ.

પ્ર૦—સાધુ માર્દવ ગુણથી શું કરે ?

ઉ૦—માનના અભાવને માર્દવ કે નમ્રતા કહેવામાં આવે છે, એટલે સાધુ કોઇપણ વસ્તુનું માન—અભિમાન કરે નહિ. તે નિત્ય એવોજ વિચાર કરે કે અનંત જ્ઞાનીઓ આગળ મારું જ્ઞાન શા હિસાબમાં ? ચારિત્રચૂડામણિઓની તુલનામાં હું કોણ માત્ર ? બાહુબલિએ સંસારનાં સર્વ પ્રલોભનો છોડીને સાધુજીવનનો—શ્રમણાવસ્થાનો સ્વીકાર કર્યો અને ઘોર તપ આદર્યું. ઊભા ત્યાંથી ડગલું પણ આગળ ખસ્યા નહિ. એમ કરતાં વેલીઓ તેમના પગે વીંટળાઈ અને કાનમાં પક્ષીઓએ માળા નાખ્યા. પણ 'નાના ભાઈઓ સાધુ થયા છે, તેમને મારાથી વંદન કેમ થાય ? એટલું માન—એટલી અકકડતા રહી જવાથી તેમને કેવલજ્ઞાન થયું નહિ. જ્યારે તેમનાં મનમાંથી અભિમાનનો એ અંશ ઓગળી ગયો, ત્યારે જ તેઓ કેવલજ્ઞાન પામી શકયા. એટલે આદર્શ સાધુમાં માર્દવ ગુણ ભરપૂર હોવો જોઈએ.

પ્ર૦–સાધુ આર્જવગુણથી શું કરે ?

ઉ૦–માયાકપટના અભાવને આર્જવ કે સરલતા કહેવામાં આવે છે, એટલે સાધુ કોઇપણ પ્રકારની કપટ–ક્રિયા, કોઇપણ પ્રકારનો દગોફટકો કે કોઈપણ પ્રકારની લુચ્ચાઈ કરે નહિ. તે જ રીતે તેઓ કદાગ્રહને વશ થાય નહિ, પણ એક બાળક જેવું સરળ મન રાખીને જે કંઈ સત્ય હોય, હિતાવહ હોય તેનો સત્વર સ્વીકાર કરે.

જૈન મહર્ષિઓએ સ્પષ્ટ ઘોષણા કરીને કહ્યું છે કે 'સરલ આત્મા જ ધર્મ પામે છે,' એટલે આદર્શ સાધુઓએ આ ગુણનો ઉત્કૃષ્ટ વિકાસ કરવો જોઇએ.

પ્ર૦–સાધુ મુક્તિગુણથી શું કરે ?

ઉ૦–લોભના અભાવને મુક્તિ કે નિર્લોભતા કહેવામાં આવે છે, એટલે સાધુ કોઇની પાસેથી ખાસ જરૂરિયાત સિવાય કશું લેવાની ઈચ્છા રાખે નહિ. લોભ સર્વ દોષની ખાણ છે, ઉત્તમ ગુણોને ગળી જનારો મહારાક્ષસ છે, દુઃખ રૂપી વેલીઓનું મૂળ છે અને ધર્માદિ ચારે પુરુષાર્થનો બાધક છે. માટે સુજ્ઞજનોએ સંતોષરૂપી પાળ બાંધીને તેને પ્રસાર પામતો અટકાવવો.'

ક્રોધ, માન માયા અને લોભ એ ચાર કષાય કહેવાય છે અને તે સંસારવૃદ્ધિનું પરમ કારણ મનાય છે. તેને જિતવાથી જ ક્ષમા, માર્દવ, આર્જવ અને મુક્તિગુણ પ્રકટે છે, એટલે આદર્શ સાધુઓ ચારે કષાયને જિતનારા હોય એમ સમજવાનું છે.

પ્ર૦—સાધુ તપગુણથી શું કરે ?

# રામતીર્થ બ્રાહ્મી તેલ

[ સ્પેશીઅલ નં. ૧ ]

રજીસ્ટર્ડ

વાળ વધારવા, મગજ શાંત રાખવા, યાદશક્તિ સારી કરવા, શાંત નિદ્રા માટે, શરીરને માલીસ કરી સ્ફૂર્તિમાં લાવવા માટે દરેક ઋતુમાં દરેકને માટે ઉપયોગી છે. કિંમત મોટી બાટલીના રૂા. ૪–૦૦, નાની બાટલીના રૂા. ૨–૦૦

---

શરીર નીરોગી રાખવા માટે આકર્ષક યોગાસન ચિત્રપટ અમારે ત્યાંથી મંગાવશો. કિંમત પોસ્ટેજ સાથે રૂા. ૨–૫૦

---

## શ્રી રામતીર્થ યોગાશ્રમ

દાદર, સેન્ટ્રલ રેલ્વે,

મુંબઈ–૧૪

# સેવા જ ખરી ગણનાપાત્ર છે.

તમે આગ, દરિયાઈ તથા અકસ્માતના વીમાઓનું જે પ્રીમીયમ ભરો છો, તે ઇન્સ્યુરન્સ એસોસીએશન ટેરીફ દ્વારા નક્કી થાય છે, અથવા ખુલ્લા બજારની અંદર મુક્ત હરિફાઈના નિયમો વડે નક્કી થાય છે. પણ ન્યૂ ઈંડિયાએ જનરલ વીમાનાં ક્ષેત્રમાં જે આગેવાની ભર્યું આજનું સ્થાન મેળવ્યું છે, તેનું કારણ એ છે કે તે પોતાના ગ્રાહકોની જરૂરીઆતો પર ખાસ લક્ષ આપે છે અને તે પોલીસી વેચતાં પહેલાં તેમજ પછીથી તમને સંતોષકારક સેવા પૂરી પાડે છે.

ધી ન્યૂ ઈંડિયા એશ્યુરન્સ કું., લીમીટેડ

મહાત્મા ગાંધી રોડ, મુંબઈ.



ઉ૦—ઇચ્છાનિરોધને તપ કહેવામાં આવે છે, એટલે સાધુ પોતાની ઈચ્છા-તૃષ્ણાને કાબૂમાં રાખે પણ તેનો વિસ્તાર થવા દે નહિ. જે તૃષ્ણાનો દાસ થાય છે, તેને જગતના દાસ બનવું પડે છે. વળી તપનો પ્રચલિત અર્થ કરીએ તો સાધુ નાની મોટી તપશ્ચર્યા કરતા જ રહે, પણ ખાઈ પીને અલમસ્ત થાય નહિ.

પ્ર૦—સાધુ સંયમગુણથી શું કરે ?

ઉ૦—ઇંદ્રિયો અને મન પર કાબૂ રાખવો તેને સંયમ કહેવામાં આવે છે, એટલે સાધુઓ પાંચે ઇંદ્રિયો તથા મન પર કાબૂ રાખે. પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, પાંઅવ્રતોનો ત્યાગ, ચાર કષાયનો જય તથા મન, વચન અને કાયાની વિરતિ એ સત્તર પ્રકારનો સંયમ જૈનધર્મમાં પ્રસિદ્ધ છે.

પ્ર૦— સાધુ સત્યગુણથી શું કરે ?

ઉ૦—મૃષાવાદના ત્યાગને સત્ય કહેવામાં આવે છે, એટલે સાધુઓ કોઈ પણ કારણે મૃષાવાદનું સેવન કરે નહિ. બીજું મહાવ્રત તથા ભાષા સમિતિ તે માટે જ યોજાયેલા છે.

પ્ર૦—સાધુ શૌચગુણથી શું કરે ?

ઉ૦—મલિનતાના ત્યાગને શૌચ કહેવામાં આવે છે, એટલે સાધુ પોતાનાં અંતરમાં કોઇ જાતની મલિનતા રાખે નહિ; મનની પવિત્રતા જાળવે. કેટલાક નહાવા-ધોવામાં મસ્ત રહીને શૌચધર્મનું પાલન કરતાં જણાય છે, પણ આવું શૌચ ઉપર જણાવ્યું તેમ અંતરની મલિનતા દૂર કરવામાં જ રહેલું છે. શૌચનો પર્યાયશબ્દ પવિત્રતા છે.

પ્ર૦—સાધુ અકિંચનત્વ ગુણથી શું કરે ?

ઉ૦—પોતાની માલિકીનું કે પોતાના થકી કંઈ પણ ન હોવું એ અકિંચનત્વ કહેવાય છે, એટલે સાધુ બિલકુલ ફક્કડ રહે અને માલમિલકતનાં પ્રલોભનમાં પડે નહિ. મઠ બાંધવા, આશ્રમ બાંધવા, જગાઓ બાંધવી, પશુઓ રાખવા, નોકરચાકર રાખવા, ભેટ સોગાદો કે બીજા પ્રકારે ધનમાલ એકઠો કરવો એ બધું મોહમાયાનું પરિણામ છે. આ ગુણ ખીલવવા માટે પાંચમું વ્રત ઘણું ઉપયોગી છે.

પ્ર૦—સાધુ બ્રહ્મચર્યગુણથી શું કરે ?

ઉ૦— મૈથુનના ત્યાગને બ્રહ્મચર્ય કહેવામાં આવે છે તથા આત્મરમણતાને પણ બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. બ્રહ્મમાં–આત્મામાં ચરવું–સ્થિર રહેવું તે બ્રહ્મચર્ય, એટલે સાધુ કોઈ સ્રીનો સંગ કરે નહિ. તે પોતાનાં આત્મસ્વરૂપનો વિચાર કરી તેમાં જ મગ્ન રહે. બધાં તપમાં બ્રહ્મચર્યને શ્રેષ્ઠ કહેલ છે, એટલે આ ગુણ દરેક સાધુએ અવશ્ય ખીલવવો જોઈએ. તે માટે જ ચોથું મહાવ્રત ધારણ કરવામાં આવે છે.

આ ક્ષમાદિદશ ગુણોને લીધેજ સાધુઓને ક્ષમાશ્રમણ કહેવામાં આવે છે. શ્રમણ એટલે સાધુ.

## ૧૨–દિનચર્યા

સાધુજીવન મુક્તિ, મોક્ષ કે નિર્વાણની યર્થાથ સાધના કરવા માટે સ્વીકારવામાં આવે છે, તેથી સાધુઓની દિનચર્યા પણ તેને જ અનુરૂપ હોવી જોઇએ. આદર્શ સાધુ કે જૈન સાધુની દિનચર્યા નીચે પ્રમાણે હોય છે:—



# Elegance in Velvet

Rich, smooth, feminine velvet. Such luxury near you. Cholis in 'ASHOK' velvet will bring you many pretty compliments.

Ashok

**ASHOK VELVET MANUFACTURING CO. PRIVATE LTD.**

FABRICS

Selling Agents: **Messrs. V. Chatrabhuj & Co. Private Ltd.**

M. J. Market, Bombay 2.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

શ્રી શ્રાવકશ્રાવિકાક્ષેત્ર ઉત્કર્ષ-મુંબાઈ સમિતિ સંચાલિત

# ઉદ્યોગગૃહ

**સાધાર્મિકવાત્સલ્ય, જાતમહેનત અને ગૃહઉદ્યોગને ઉત્તેજન આપી રહ્યું છે.**

**તેની એકવાર અવશ્ય મુલાકાત લેવા વિનંતિ છે.**

**ટે. નં. ૭૪૮૩૬**

—ઉદ્યોગગૃહમાં ચાલતા પરિશ્રમાલય અને શિક્ષણવિભાગમાં ૫૫૦ થી ૬૦૦ જેટલાં ભાઈ-બહેનો લાભ લઈ રહ્યાં છે.

—ઉત્પાદન વિભાગમાં દરેક વસ્તુ પૂરી કાળજીથી સફાઈબંધ બનાવવામાં આવે છે અને તે વેચાણવિભાગની દુકાનમાંથી મળી રહે છે.

—ટેલીફોનથી ઓર્ડરો નોંધી લેવાની તથા માલ ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

—ખાખરા, પાપડ, ચાહ-દૂધના મશાલા, અથાણાના મશાલા, ચૂર્ણો, સરબત વગેરે અનેક વસ્તુઓ તૈયાર થાય છે.

—સીલાઇ વિભાગમાં સ્ત્રી-પુરુષોને મનપસંદ કપડાં સીવી આપવામાં આવે છે.

—ઉપરાંત ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, કોરસપોન્ડન્સ, એકાઉન્ટસી તથા પાકા નામાનાં વર્ગો ચાલે છે.

**એટલે આ ઉદ્યોગમંદિર**

આપની અનેકવિધ ઘરગથ્થુ વસ્તુઓની જરૂરીઆતો પૂરી પાડી શકે તેમ છે.

૧૦૯-૧૧૭, સી. પી. ટેન્ક રોડ, માધવબાગ પાસે,

**મુંબઈ. નં. ૪**

રાત્રિનો ચોથો પ્રહર થયા પછી તેઓ નિદ્રાનો ત્યાગ કરી જાગૃત થાય છે અને પંચપરમેષ્ઠિનું સ્મરણ તથા ધ્યાન કરે છે. પછી આત્મચિંતન કરે છે અને રાત્રિ દરમ્યાન શ્રદ્ધા, શ્રુત તથા શીલમાં જે કંઈ અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરે છે,

પ્ર૦—પ્રતિક્રમણ કોને કહેવાય ?

ઉ૦—જેમાં પાપમાંથી **પ્રતિ** એટલે પાછું **ક્રમણ** એટલે ચાલવાની ક્રિયા હોય, અર્થાત્ પાપમાંથી પાછા ફરવાનું હોય તે પ્રતિક્રમણ કહેવાય. તેના પાંચ પ્રકારો પ્રસિદ્ધ છે.

પ્રતિક્રમણ પછી પ્રતિલેખનાનો વિધિ થાય છે કે જેનો નિર્દેશ આદાનનિક્ષેપસમિતિના વિવેચન પ્રસંગે કરી ગયા છીએ. પછી નજીક રહેલાં જિનમંદિરમાં જઈ શ્રીજિનેશ્વર દેવનાં સ્તુતિ-વંદન કરે છે અને ત્યાંથી પાછા આવી ગુરુની આજ્ઞાનુસાર સ્વાધ્યાય કે વૈયાવૃત્ત્યમાં મગ્ન થાય છે.

સૂત્રનો પાઠ લેવો, તેનો અર્થ શીખવો, તે પર પ્રશ્ન કરવા, તેની આવૃત્તિ કરવી, તેના પર ચિંતન કરવું તથા તેનો સૂત્રપાઠ બીજાને આપવો વગેરે સ્વાધ્યાય કહેવાય છે અને સમુદાય માટે સૂઝતા આહાર, પાણી, ઔષધ યાચી લાવવા તે વૈયાવૃત્ત્ય કહેવાય છે.

પ્રથમ પ્રહર પછી આચાર્ય મહારાજ સૂત્રનું વ્યાખ્યાન કરે છે, તે ત્યાગી શિષ્યો તથા ગૃહસ્થ શિષ્યો બંને સાંભળે છે. શ્રોતાઓને ઉપદેશ કેવી રીતે આપવો? તે માટે પણ જૈન મહાર્ષિઓએ નિયમો ઘડેલા છે.

બીજા પ્રહરના અંત સુધી સ્વાધ્યાયપ્રવૃતિ ચાલ્યા પછી ગોચરી વાપરવાનો સમય થાય છે. તેમાં જે કંઇ નિર્દોષ આહાર આવ્યો હોય તે ગુરુએ વહેંચી આપ્યા પ્રમાણે વાપરી લેવાનો હોય છે. અહીં એ જણાવવું ઉચિત થઇ પડશે કે આ સાધુઓ જેવું મળ્યું તેવું વાપરે છે, એટલે તેમાં સ્વાદની કોઈ અપેક્ષા રાખતા નથી. ઘણાને ઘણી જાતની તપશ્ચર્યા ચાલતી હોય છે, એટલે રોજ વાપરવાનું હોતું નથી કે અમુક જ વાપરવાનું હોય છે.

ગોચરીનું કામ પત્યા પછી ફરી સ્વાધ્યાય શરૂ થાય છે અને જે મુમુક્ષુઓ દર્શન–સમાગમ–ચર્ચા–વિચારણા માટે આવ્યા હોય, તેમને તે તે પ્રકારનો લાભ આપે છે. ત્રણ વાગ્યા પછી વસ્ત્રપાત્રની પુનઃ પ્રતિલેખના થાય છે અને સ્વાધ્યાય–ધ્યાનની પ્રવૃત્તિ ચાલુ રહે છે. સાયંકાળે કારણ–વશાત્ કંઈ પણ વાપરવું હોય તો સૂર્યાસ્ત પહેલાં જ વાપરી લે છે.

ત્યાર બાદ સાયંપ્રતિક્રમણ શરુ થાય છે. પશ્ચાત્ સ્વાધ્યાય તથા ધ્યાનની પ્રવૃત્તિ ચાલે છે અને તે વખતે પણ મુમુક્ષુઓને ધર્મકથા વગેરેનો લાભ મળે છે.

રાત્રિનો બીજો પ્રહર લગભગ અર્ધો વીત્યા પછી સાધુઓ સંથારાપોરિસીનો પાઠ ભણી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શરણ ગ્રહી શુભ ચિંતન કરતાં સંથારે જાય છે અને નિદ્રાધીન થાય છે.

## જપ, તપ અને ધ્યાન માટે અતિ ઉત્તમ
# ગુજરાતનું પ્રાચીન મહાચમત્કારિક તીર્થ
# શ્રી શંખેશ્વરજી

દેવવિમાન જેવાં અનેક જિનમંદિરોથી સુશોભિત ગુજરાતની ભૂમિમાં શ્રી શંખેશ્વરજી મહાતીર્થ પોતાની ઐતિહાસિક સમૃદ્ધિ તથા અપૂર્વ ચમત્કારિક શક્તિથી અનોખું સ્થાન ધરાવે છે.

આ તીર્થનું માહાત્મ્ય અપૂર્વ છે. જરાસંધે એક પ્રચંડ સૈન્ય સાથે નવમા વાસુદેવ શ્રીકૃષ્ણ ઉપર ચડાઈ કરી સરસ્વતી નદીની નજીક સેનપલ્લી ગામે પડાવ નાખ્યો હતો. શ્રીકૃષ્ણ પણ યાદવોનું વિશાળ સૈન્ય લઈ લડવા માટે સામા આવ્યા હતા. તે વખતે જરાસંધે પોતાની કુલદેવી જરાનું સ્મરણ કરતાં તે દેવીએ યાદવસૈન્યમાં શ્વાસ-રોગનો ઉપદ્રવ કર્યો. આથી શ્રીકૃષ્ણે અઠ્ઠમની તપશ્ચર્યાપૂર્વક પન્નગરાજની આરાધના કરતાં તેમણે પ્રસન્ન થઈને ભાવી તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રકટાવી. આ પ્રતિમા તે જ હતી કે જે ઘણા સમય પહેલા આષાઢી શ્રાવકે ભરાવેલી, વૈમાનિક દેવ થયા પછી દેવલોકમાં પૂજેલી અને ભુવનપતિઓના આવાસમાં જતાં નાગલોકનાં કષ્ટ નિવારેલાં.

આ પ્રતિમાનું પૂજન કરી તેનું ન્હવણ છાંટયું અને શંખ ફૂંકયો કે યાદવ સૈન્ય ઉપદ્રવરહિત થઈ ગયું ને યુદ્ધમાં વિજયી થયું, તેથી શ્રીકૃષ્ણે અહીં શંખપુર ગામ વસાવ્યું ને આ પ્રાચીનબિંબની સ્થાપના કરી મંદિર બંધાવ્યું. ત્યારથી શ્રી શંખેશ્વર મહાતીર્થ જગતમાં પ્રસિદ્ધ થયું છે. તેનો અનેકવાર જીર્ણોદ્ધાર થયેલો છે.

આ તીર્થે આજ સુધીમાં અનેક ચમત્કારો બતાવ્યા છે અને આજે પણ તેનો પ્રભાવ જેવો ને તેવો ચાલુ છે.

વીરમગામ તથા હારીજથી ત્યાં મોટર રસ્તે જવાય છે. ધર્મશાળા તથા ભોજનશાળાની સુંદર સગવડ છે.

**આ તીર્થની સહકુટુંબ અવશ્ય યાત્રા કરતા રહો.**

વિશ્વવંદ્ય પ્રભુ મહાવીરનો મહામંત્ર અહિંસા
ભારતને ખૂણે ખૂણે અને અન્ય દેશોમાં
## અહિંસાપ્રચાર અને અભયદાનના
વ્યાપક કાર્યો કરતી
**મુંબઈની શ્રી જીવદયામંડળીને સહાય કરી**
**— અભયદાનનું પુન્ય મેળવો. —**
રૂા. ૧૦૦૧), રૂા. ૫૦૧ કે ૨૫૧) સ્થાયી ફંડમાં આપી
અનુક્રમે મંડળના પેટ્રન, ડોનર કે લાઈફ મેમ્બર બનો.
— ઐચ્છિક મદદો મોકલી સહાય કરો. —
મદદ મોકલવાનું ઠેકાણું :—
માનદ મંત્રીઓ
**મુંબઈની શ્રી જીવદયામંડળી.**
૧૪૯, શરાફ બજાર, મુંબઈ-૨



## ત્રિવિધ સેવા
**લેખન** : જીવનચરિત્રો, નિબંધો, લેખો, વિવેચનો, કથાઓ તૈયાર કરી આપવામાં આવે છે.

**મુદ્રણ** : અમારી દેખરેખ નીચે પુસ્તકો સુંદર રીતે છપાવી આપીએ છીએ. તેને લગતાં ચિત્રો, બ્લોકો પણ તૈયાર કરી આપીએ છીએ.

**પ્રકાશન** : અમારી મારફત છૂટક પુસ્તકો તથા ગ્રંથમાલા રૂપે પુસ્તકો પ્રકટ કરાવવા હોય તે પણ કરી આપવામાં આવે છે.

વિશેષ જાણવા પત્રવ્યવહાર કરો—
**જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર**
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯

સંસારની સર્વ ઉપાધિઓથી રહિત આ સાધુઓને તરતજ નિદ્રા આવી જાય છે અને કુસ્વપ્ન–દુઃસ્વપ્નનો અનુભવ ભાગ્યે જ થાય છે. તેમ છતાં જ્યારે પણ એવાં સ્વપ્ન આવે ત્યારે પ્રાતઃકાલીન પ્રતિક્રમણસમયે તે નિમિત્તે ખાસ કાયોત્સર્ગ કરીને આત્મશુદ્ધિ કરી લે છે.

## ૧૩–સ્થિરતા અને વિહાર

સાધુએ ચોમાસાના ચાર માસ એક જગાએ સ્થિર રહેવાનુ હોય છે, કારણ કે તે વખતે વર્ષાનાં કારણે રસ્તાઓ પાણીથી ભરાયેલાં હોય છે, ઠેર ઠેર લીલોતરી ઉગી નીકળેલી હોય છે અને જીવજંતુની ઉત્પત્તિ પણ વિશેષ હોય છે. અતિ વૃદ્ધાવસ્થા તેમજ બીજાં ખાસ કારણે અન્ય સમયમાં પણ સાધુ એક સ્થળે અમુક વખત સુધી સ્થિરતા કરી શકે છે, પણ સામાન્ય સંયોગોમાં તેણે શેષકાળમાં એટલે બાકીના સમયમાં વિચરતાં જ રહેવું જોઇએ. તે માટે નીચેનો દુહો પ્રચલિત છેઃ—

વહેતાં પાણી નિર્મળાં, બંધા ગંદા હોય;
સાધુજન રમતા ભલા, ડાઘ ન લાગે કોય.

## ૧૪–પદાધિકાર

સામાન્ય સાધુ જ્યારે અમુક સૂત્રોનું યોગોદ્વહન (એક પ્રકારની વિશિષ્ટ ક્રિયા) કરે છે, ત્યારે તેને પંન્યાસ-પદ અર્પણ થાય છે અને બાકીનાં સૂત્રોનું યોગોદ્વહન કરે ત્યારે ગણિપદ અર્પણ થાય છે. આ પદવી પામેલા

જે સાધુઓને આગમનો અભ્યાસ કરાવી શકે તેમ હોય તેમને ઉપાધ્યાયપદ અર્પણ થાય છે તથા ગચ્છનું નાયકપણું કરવાની યોગ્યતા ધરાવતા હોય તેમને આચાર્યપદ અર્પણ થાય છે. આ પદ અરિહંત કે તીર્થંકરથી જ ઉતરતું છે, એટલે તેની મહત્તા તથા જવાબદારી ઘણી છે. સંઘના અભ્યુદયનો સર્વ આધાર આચાર્યોની કાર્યપદ્ધતિ તથા દીર્ઘ દૃષ્ટિ પર અવલંબે છે.

## ૧૫–ઉપસંહાર

આચાર્ય, ઉપાધ્યાય, ગણિ, પંન્યાસ અને સાધુઓથી બનેલો શ્રમણસમુદાય તીર્થંકરદેવની આજ્ઞા પ્રમાણે નિર્વાણ-સાધક યોગની સાધના કરે છે અને બીજા અનેક આત્મા-ઓને જ્ઞાન–વિવેક–સદાચારનાં સુરમ્ય વાતાવરણમાં સ્થિર કરે છે, એટલે સ્વહિતની સાથે પર હિત પણ સાધે છે અને એ રીતે स्वपरहितं मोक्षानुष्ठानं वा साधयतीति साधुः–જે સ્વ હિત–પર હિત કે મોક્ષનું અનુષ્ઠાન સાધે તે સાધુ' એ વ્યાખ્યાને સાર્થક કરે છે. તેમને આપણે પુનઃ પુનઃ વંદના કરીએ અને તેઓ સાધુતાનો ઉજ્જવલ આદર્શ સદા ટકાવી રાખે, તેવી પ્રાર્થના કરી આ નિબંધ સમાપ્ત કરીએ.

इति शम् ।

ફોન નં. ૭૦૫૬૬ ગ્રામ : "Budhisurma" Bombay

## અમારા માનવંતા કદરદાન ગ્રાહકોને

## * સમયસરની સૂચના *

### જુની અને જાણીતી બુઢીમાઈ સ્થાપિત ૧૦૦ વર્ષની પુરાણી પેઢી

### મુંબઈ, ડુંગરી, પાલાગલીના જગપ્રસિદ્ધ

# દાતુ મનજી પદમશી સુરમાવાલા

રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક

સુરમાઓ ખરીદતાં પહેલા માનવંતા ગ્રાહકોનું લક્ષ દોરીએ છીએ કે ભીંડીબજાર, મદનપુરા, શેખમેમન સ્ટ્રીટ, મુલજી જેઠા મારકીટ કે ઝવેરી બજારના લત્તામાં કોઈ પણ દુકાને અમારા સુરમાઓ વેચાતા મળતા નથી. નોંધી રાખશો કે અમારી જુની જાણીતી દુકાન ડુંગરી મધ્યે ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, પાલાગલી, મુંબઈ નં. ૯ એ ઠેકાણે આવેલ છે.

## -: નકલી સુરમાઓથી સાવધાન રહો :-

### — સમયસરની ચેતવણી —

૧ અમારી બાટલીઓની પેકીંગ 'ગોળ' તેમજ બેઉ બાજુ કાગળની રજીસ્ટર્ડ માર્કની સીલ તથા અમારૂં નામ જોઈ તપાસી ખાત્રી કરી લેવી.

૨ અમારા કોઈ કેન્વાસર કે એજન્ટ નથી. ફક્ત અમારી એક જ દુકાને નીચેનાં ઠેકાણે મળે છે.

૩ બહાર ગામના ઓર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

૪ ફોન નં. ૭૦૫૬૬ કરશો તો સુરમો ઘેરબેઠા પહોંચાડવામાં આવશે.

૫ ડોકટરની મફત સલાહ મેળવો.

**સોમવારે પુરુષો માટે, ગુરુવારે સ્ત્રીઓ માટે સવારે ૧૦ થી ૧૧**

—: અમારૂં એક જ ઠેકાણું :—

**જગપ્રસિદ્ધ દાતુ મનજી પદમશી સુરમાવાલા**

૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, ડુંગરી પાલાગલી, મુંબઈ નં. ૯

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

સંવત ૨૦૧૬ ના માહ સુદિ પૂનમે પ્રગટ થશે. અગાઉથી લવાજમ ભરનાર માટે સ્થાનિક રૂા. ૫-૦૦. બહારગામ માટે રૂા. ૬-૦૦. તમારું લવાજમ આજે જ મ. ઓ. થી મોકલી આપો.

### પુસ્તકોનાં નામ

૧ સારું તે મારું
૨ જ્ઞાનજ્યોતિ
૩ દાનની દિશા
૪ કર્મસ્વરૂપ
૫ નયવિચાર
૬ સામાયિકની સુંદરતા
૭ મહામંત્ર નમસ્કાર
૮ કેટલાંક યંત્રો
૯ આયંબિલ રહસ્ય
૧૦ આહારશુદ્ધિ
૧૧ તીર્થયાત્રા
૧૨ સુધાબિન્દુ

★ જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર ★

લધાભાઇ ગુણપત બીલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ-૯


ધી નવપ્રભાત પ્રેસ—અમદાવાદ.